Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-

Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023 posted at rajkot-RMS published & posting dt.-daily (evening)

Web: www.saurashtrakranti.com Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

Year:7, Issue: 240 Dt.22-07-2022 (Friday)

સાંધ્ય દૈનિક

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-360001

# ગુજરાતમાં ખાનગી તબીબોની સજ્જડ હડતાલઃ 30 હજાર ઓપરેશન ઠપ્પ



**ઓપીડી અને ઈમરજન્સી સહિતની તમામ તબીબી સેવાઓ આજે એક દિવસ બંધઃ સૌરાષ્ટ્રની બે હજારથી વધુ ખાનગી હોસ્પિટલમાં મેડિક્લ કામગીરી ઠપ્પઃ ઈન્ડિયન મેડીકલ એસોસિએશનના એલાનને પગલે ખાનગી હોસ્પિટલોના ૪૦ હજારથી વધુ ડોકટરો હડતાલ પર**

**(એજન્સી સમાચાર)**
અમદાવાદ, તા.૨૨

ઈન્ડિયન મેડિકલ એસો. ના એલાનને પગલે આજે ગુજરાતમાં તમામ ખાનગી હોસ્પિટલો એક દિવસ માટે બંધ રહેશે. રાજ્યના ૪૦ હજારથી વધુ ખાનગી તબીબો હડતાલ પર ઉતરી ગયા છે. પરિણામે ૩૦ હજારથી વધુ ઓપરેશન અટકી પડ્યા છે. ખાનગી હોસ્પિટલોમાં ઓપીડી અને ઈમરજન્સી સહિતની તમામ તબીબી સેવાઓ ઠપ્પ થઇ ગઈ છે. સૌરાષ્ટ્રની બે હજારથી વધુ ખાનગી હોસ્પિટલો હડતાલમાં જોડાઈ છે. પરિણામે દર્દીઓ સિવિલ હોસ્પિટલો તરફ ધસારો કરી રહ્યા છે અને આજે તમામ સરકારી દવાખાના દર્દીઓના જંગી ધસારાથી ઉભરાઈ રહ્યા છે.

ગુજરાતના દર્દીઓને આજના દિવસે નિદાન અને સારવાર માટે સરકારી દવાખાનાઓ પર નિર્ભર રહેવું પડશે. ફાયર એનઓસીના નવા નિયમો અને આઈસીયુ ગ્રાઉન્ડ ફ્લોર પર રાખવાના નિયમ સામે તબીબી આલમનો વિરોધ જાગ્યો છે અને એ મુદ્દાઓ પર આઈએમએ દ્વારા એક દિવસીય હડતાલ પાડવામાં આવી છે. જે દર્દીઓ હોસ્પિટલમાં દાખલ છે તેની સારવાર ચાલુ રાખવામાં આવનાર છે.

હડતાલને કારણે ૩૦ હજાર જેટલી પૂર્વ આયોજિત સર્જરી અટકી પડી છે. એટલે કેટલીક હોસ્પિટલો ઓપરેશન કરવા માટે પ્રયત્નો કરી રહી છે. જે દર્દીઓએ મેડિકલ વિમો હોય અને આજે ઓપરેશનની તારીખ નક્કી થઇ હોય તેમજ સર્જરી માટે વિમા કંપનીનું એપ્રુવલ લઇ લીધું હોય એવા દર્દીઓનું ઓપરેશન કરવામાં આવશે. અમદાવાદની શેલ્બી હોસ્પિટલમાં ઓર્થોપેડિક ઓપીડી બંધ કરી દેવાયું છે પણ વિમો ધરાવનારા દર્દીઓના ઓપરેશન થઇ રહ્યા છે.

સૌરાષ્ટ્રની બે હજારથી વધુ ખાનગી હોસ્પિટલમાં સજ્જડ હડતાલ પડી ગઈ છે. ઈમરજન્સી સારવાર પણ ચાલુ રહી નથી. અમદાવાદ મનપાના ફાયર વિભાગના આદેશો બાદ ખાનગી તબીબી આલમમાં વધુ રોષ ફેલાયો છે. તબીબો કહે છે કે વૈજ્ઞાનિક રીતે આઈસીયુ ગ્રાઉન્ડ ફ્લોર પર રાખવાનું શક્ય નથી. બારીઓનાં કાચ દૂર કરવાની વાત પણ અર્થ વગરની છે. આ નિયમોના વિરોધમાં જ આઈએમએના એલાનને પગલે તબીબો હડતાલમાં જોડાયા છે. આજે કોઈ ખાનગી હોસ્પિટલમાં નવા કેસ લેવામાં નહી આવે અને કોઈ નવા દર્દી દાખલ કરાશે નહીં. ઈમરજન્સી ઘટના કે અકસ્માતનાં કેસમાં પણ ઓપરેશન સહિતની કોઈ સેવા આપવામાં નહીં આવે.

અમદાવાદ મેડીકલ એસો.ના પ્રમુખ ડો.દિલીપ ગઢવીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં તો ઠીક વિશ્વમાં ક્યાંય પણ આઈસીયુ ગ્રાઉન્ડ ફ્લોર પર નથી. તેના અનેક કારણો છે જે સમજવા જોઈએ. ગ્રાઉન્ડ ફ્લોર પર રાખવાથી દર્દીને ચેપ લાગવાનું જોખમ ખૂબ વધી જાય છે. સગાઓની અવર-જવર અને ઓપીડીમાં આવતા દર્દીઓની અવર-જવરને કારણે આઈસીયુના દર્દીની સારવાર કરવામાં પણ વિઘ્નો સર્જાય છે.(૨.૧૨)

## ગુજરાતમાં રાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં ક્રોસ વોટીંગથી કોંગ્રેસમાં ખળભળાટ

**જે ધારાસભ્યોએ ક્રોસ વોટીંગ કર્યુ હશે તેની તપાસ કરી પગલા લેવાની ચિમકી**

**(એજન્સી સમાચાર)**
અમદાવાદ, તા.૨૨

રાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં કુલ ૭ કોંગ્રેસી ધારાસભ્યો સહિત ગુજરાતના ૧૦ ધારાસભ્યોએ ક્રોસ વોટીંગ કર્યું હોવાના અહેવાલો વચ્ચે કોંગ્રેસ પક્ષમાં ઉથલ-પાથલ મચી ગઈ છે અને એ ૭ બાગી ધારાસભ્યો કોણ હતા એ શોધવા માટે પ્રદેશ કોંગ્રેસની નેતાગીરી ઉંધેમાથે થઇ ગઈ છે. આ અંગે કોંગ્રેસ અને ભાજપનાં નેતાઓએ અલગ- અલગ પ્રકારની પ્રતિક્રિયાઓ આપી છે.

રાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં મતદાન સમયે ગુજરાતમાં કુલ ૧૦ ધારાસભ્યોએ ક્રોસ વોટીંગ કર્યું હતું એવું હવે ધડાકો થયો છે. એ પૈકી ૭ ધારાસભ્યો કોંગ્રેસના હતા એવું બહાર આવતા કોંગ્રેસમાં ખળભળાટ મચી ગયો છે અને તાત્કાલિક તપાસનો પ્રારંભ કરવામાં આવ્યો છે. એ ૭ બાગી ધારાસભ્યો કોણ હતા તેની તપાસ કરીને કડક પગલા લેવાની અને બાગી ધારાસભ્યો સામે કાર્યવાહી કરવાની કોંગ્રેસની નેતાગીરીએ ચિમકી ઉચ્ચારી છે. કોંગ્રેસના પ્રવક્તા મનીષ દોશીએ વળી એવું કહ્યું હતું કે, ક્રોસ વોટીંગ એ આશ્ચર્યજનક છે. અમને પણ ખૂબ આશ્ચર્ય થયું છે અને તપાસ કરવામાં આવી રહી છે.

આ રીતે ગુજરાતમાં ક્રોસ વોટીંગની હકીકત બહાર આવી છે અને પ્રદેશ કોંગ્રેસ નેતાગીરી સામે આ કોયડો ઉકેલવાનો મોટો પડકાર ઉભો થયો છે અને પ્રદેશ નેતાગીરી ધંધે લાગી ગઈ છે. કોંગ્રેસના નેતાઓ તપાસ કરી રહ્યા છે. કોંગ્રેસનાં જેટલા ધારાસભ્યોએ ક્રોસ વોટીંગ કર્યું છે તેમની સામે કઈ રીતે કેટલી કડક કાર્યવાહી કરવામાં આવે છે એ હવે જોવાનું રહે છે. કેમકે ક્રોસ વોટીંગની ઘટના દર્શાવે છે કે, પ્રદેશ કોંગ્રેસ વિધાનસભા પક્ષમાં કંઇક નવી રંધાઈ રહ્યું હોવાનો સંકેત મળ્યો છે અને ક્યાં કારણે આ ધારાસભ્યો પક્ષની વિરૂધ્ધ ગયા છે એ મામલો ખૂબ જ રાજકીય ચર્ચાનો વિષય બન્યો છે.(૨.૧૨)

## વડોદરાવાસીઓ પુર નહીં, મગરમચ્છોથી ભયભીત

**(એજન્સી સમાચાર)**
વડોદરા, તા.૨૨

દેશમાં વડોદરા એકમાત્ર એકલું એવું શહેર છે જેના લોકોને ચોમાસામાં પ્રચંડ પુરથી નહીં પણ મગરમચ્છોથી ભય લાગે છે. કેમકે વિશ્વામિત્રી નદીને કાંઠે- કાંઠે અને શહેરમાં વરસાદી પાણીના પ્રવાહ અને નદીના પુરના વહેણમાં તણાઈને મગરમચ્છો શહેરમાં ઘુસી આવે છે. જેના કારણે સોસાયટીઓ અને એપાર્ટમેન્ટમાં રહેતા લોકો ગ્રાઉન્ડ ફ્લોર પર આવવાની હિંમત કરી શકતા નથી. ચારેતરફ મગરો નજરે પડે છે. પાણીના પ્રવાહની સાથે રહેણાંક વિસ્તારોમાં સોસાયટી અને એપાર્ટમેન્ટના દરવાજા સુધી મગરના કાફલા આવી ચડતા હોવાથી લોકોની અવર-જવર બંધ થઇ જાય છે અને ભયભીત બનીને દિવસો પસાર કરવા પડે છે.

વિશ્વામિત્રી નદી કાંઠે વસેલી સોસાયટીઓના લોકોને નજીકની દુકાનોમાંથી કરિયાણું કે

(અનુ.પાના નં.૪ ઉપર)



## ડોકટરી વ્યવસાયમાં તબીબો ભાન ભૂલે તે ન ચાલેઃ હાઈકોર્ટ લાલઘુમ

**રાજ્યભરમાં ખાનગી તબીબોની હડતાલની ગંભીર નોંધ લેતી અદાલત**



**(એજન્સી સમાચાર)**
અમદાવાદ, તા.૨૨

ગુજરાતભરમાં ખાનગી તબીબોની આજે એક દિવસીય સજ્જડ હડતાલની ગુજરાત હાઈકોર્ટે ગંભીર નોંધ લીધી છે અને આવા વ્યવસાયમાં હડતાલ પાડવાનાં વ્યવહારુપણા અને વાજબીપણા અંગે ગંભીર સવાલો કર્યા છે. ડોકટરી વ્યવસાયમાં તબીબો આવી રીતે ભાન ભૂલી જાય એ ન ચાલે એવી હાઈકોર્ટે તીખી અને સણસણતી ટકોર કરી છે. રાજ્ય વ્યાપી તબીબી હડતાલની નોંધ લેતા હાઈકોર્ટ દ્વારા એવો સવાલ કરવામાં આવ્યો હતો કે, તબીબો આવી રીતે હડતાલ પર ચાલ્યા જાય એ કરી રીતે ચાલે? હજારો ઓપરેશન અને સર્જરી મુલત્વી રાખવા પડે એ કઈ રીતે ચાલે?

હાઈકોર્ટે ઠરાવ્યું હતું કે, બંધારણનાં અનુચ્છેદ- ૨૧ મુજબ તમામને વિરોધ કરવાનો અધિકાર છે. પરંતુ એ વિરોધ કોઈ પરેશાન થઇ જાય તેવો ન હોવો જોઈએ. ખાસ કરીને તબીબો ભાન ભૂલી જાય એ બિલકુલ ન ચાલે.(૨.૧૨)

## અમદાવાદ સહિત ગુજરાતમાં ભારે વરસાદની આગાહી

**૨૩ થી ૨૭ જુલાઈ દરમ્યાન મધ્યમથી ભારે વરસાદની શક્યતાઃ કચ્છ, ઉતર અને મધ્ય ગુજરાતમાં ઓરેન્જ અને રેડ એલર્ટ જાહેર**

**(એજન્સી સમાચાર)**
અમદાવાદ, તા.૨૨

છેલ્લા ચાર- પાંચ દિવસથી વરસાદનું જોર ઘટી ગયું છે. પરંતુ આગામી દિવસોમાં ગુજરાતભરમાં ફરી મધ્યમથી ભારે વરસાદ થવાની હવામાન ખાતાએ આગાહી કરી છે. આવતી તા.૨૩ થી ૨૭ જુલાઈ દરમ્યાન અમદાવાદ સહિત સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર અને મધ્ય ગુજરાતમાં ભારે વરસાદ થઇ શકે છે. પાકિસ્તાન તરફના દરિયામાં લો-પ્રેશર સર્જાયું છે. જેની અસરથી શુક્રવાર સાંજથી જ અસર શરૂ થઇ જશે તેમ લાગે છે. ભારે વરસાદની આગાહીને પગલે કચ્છ- ઉત્તર ગુજરાતમાં શનિવાર અને રવિવાર માટે ઓરેન્જ તેમજ રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.



હવામાન વિભાગનાં વર્તારા મુજબ શનિવારે કચ્છ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, ગાંધીનગર, અરવલ્લી, સુરેન્દ્રનગર, મોરબીમાં ઓરેન્જ અને જામનગર, રાજકોટ, બોટાદ, અમદાવાદ તથા ખેડામાં યલો એલર્ટ જાહેર કરાયું છે. કચ્છમાં તેમજ બનાસકાંઠા, પાટણ, મહેસાણા, મોરબી, જામનગર, સુરેન્દ્રનગર, દેવભૂમિ દ્વારકામાં શનિવાર માટે ઓરેન્જ એલર્ટ છે. અમદાવાદમાં શનિ અને રવિવારે ભારે વરસાદની શક્યતા છે. સીઝનમાં અત્યાર સુધી જ્યાં ઓછો વરસાદ થયો છે એવા ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મહેસાણા તેમજ મધ્ય ગુજરાતમાં ગાંધીનગર, અમદાવાદ, આણંદ, વડોદરા તથા દક્ષિણ ગુજરાતનાં પંચમહાલ, છોટા ઉદેપુર, વલસાડમાં ભારેથી અતિભારે વરસાદ થવાની શક્યતા છે.(૨.૧૨)

## કોરોનાના ૨૧ હજારથી વધુ કેસઃ ૬૦ના મોત

**(એજન્સી સમાચાર)** નવી દિલ્હીઃ દેશમાં કોરોના સંક્રમણમાં સતત બીજા દિવસે ૨૧ હજારથી વધુ કેસ નોંધાયા છે અને મૃત્યુઆંક ૬૦નો થયો છે. કેરળના વાયનારમાં આફ્રિકન સ્વાઈન ફ્યુઅરની પણ ચિંતા વધી છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૨૧૮૮૦ નવા કેસ નોંધાયા છે જેની સામે ૨૧૨૧૯ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે તથા આ સંક્રમણના કારણે ૬૦ લોકોના મૃત્યુ થયા છે. આ પહેલા ગઈકાલે ૨૧૫૬૬ કેસ નોંધાયા હતા અને બુધવારે ૨૦૫૫૭ નોંધાયા છે. આમ સતત ત્રણ દિવસ ૨૦ હજારથી વધુ કેસ આવતા કેન્દ્ર સરકાર પણ ચિંતીત થઈ ગઈ છે.



## સીબીએસઇ ધો.૧૨નું પરિણામ જાહેર

**૯૨.૭૧ ટકા વિદ્યાર્થીઓએ બાજી મારી**

**(એજન્સી સમાચાર)**
નવી દિલ્હી, તા.૨૨



સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઇ)ના ધો.૧૨નું પરિણામ જાહેર થયું છે અને ૯૨.૭૧ ટકા વિદ્યાર્થીઓએ ચાલુ વર્ષે પરીક્ષા પાસ કરી છે. જેમાં ફરી એક વખત છોકરીઓએ બાજી મારી લીધી છે. જયારે ધો.૧૦નું પરિણામ પણ આજે જ જાહેર કરવામાં આવશે. ખાસ કરીને નવોદય વિદ્યાલયનું પરિણામ ૯૮.૯૩ ટકા રહ્યું છે. ચાલુ વર્ષે પરિણામ વિલંબથી આવ્યું હતું પરંતુ હવે એડમીશન પ્રક્રિયા વધુ ઝડપી બનશે.(૯)

**મોકાની ઓફીસ વેચવાની છે**

રાજકોટના પોશ વિસ્તારમાં ચાલુ ભાડા તેમજ ફર્નીચર સાથે ૧૦૫, રામ ચેમ્બર, ઢેબર રોડ રાજકોટ પહેલા માળે ૧૭૦ સ્કેવર ફુટની ઓફીસ વેચવાની છે.

**સંપર્કઃ ૯૫૧૨૮ ૯૫૧૨૫**

# બુંદેલખંડમાં ૧૫ હજાર કરોડનો માર્ગ પાંચ દિવસમાં ભાંગીને ભુક્કો..!!





**પહેલા જ વરસાદમાં પાંચ સ્થળે મહાકાય ખાડા પડી ગયા**

**(એજન્સી સમાચાર)**
નવી દિલ્હી, તા.૨૨

ઉતરપ્રદેશમાં બુંદેલખંડ પ્રદેશની ગૌરવગાથા તરીકે ગણાવવામાં આવેલો અને જેનું લોકાર્પણ થયું હતું એવો અંદાજે રૂ.૧૫ હજાર કરોડના ખર્ચે બનેલો યુપી અને બુંદેલખંડની શોભા સમાન એક્સપ્રેસ હાઈ-વે લોકાર્પણના પાંચ દિવસ બાદ જ પહેલા વરસાદની થપાટમાં મસ્ત મોટા ખાડાઓ પડી ગયા હતા.

હજુ પાંચ દિવસ પહેલા જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે જ ૬૯૬ કિમી લાંબા બુંદેલખંડ એક્સપ્રેસ હાઈ-વેનું લોકાર્પણ થયું હતું. પરંતુ પહેલા જ વરસાદમાં આ હાઈ-વે તૂટી- ફૂટી ગયો છે, પાંચ સ્થળે મહાકાય ખાડા પડી જતા રૂ.૧૪૮૦૦ કરોડના ખર્ચે બનેલો હાઈ-વે ગણતરીનાં કલાકોમાં વરસાદની સામે હાંફી જતા રસ્તાના અત્યંત નબળા કામ સામે અનેક સવાલો ઉભા થઇ રહ્યા છે. હજારો કરોડના ખર્ચે ચિત્રકૂટથી ઇટાવા સુધીનો ૨૯૬ કિમી હાઈ-વે બુંદેલખંડની કિસ્મત ફેરવી નાખશે એવો જોરશોરથી પ્રચાર થયો હતો.

જાણવા મળ્યા મુજબ આ હાઈ-વે પર છીરીયા સલેમપુર નજીક મહાકાય ખાડો પડી ગયો છે. જેમાં રાત્રે બે કાર અને બાઈક ખાડામાં પડી જતા અકસ્માત સર્જાયા હતા અને સંખ્યાબંધ લોકોને ઈજા થઇ હતી. ઓરૈયા જિલ્લામાં બનેલો આ હાઈ-વે પર અજીતમલ વિસ્તારમાં પણ મોટા ખાડા પડી ગયા છે. અનેક સ્થળે બે થી પાંચ ફૂટ સુધીના ખાડા પડી જતા હજારો કરોડ પાણીમાં વહી ગયાનું સ્પષ્ટ બન્યું છે અને

(અનુ.પાના નં.૪ ઉપર)

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play | SK NEWS | સૌરાષ્ટ્ર ક્રાંતિ NEWS

www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

WhatsApp કરો

તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઇ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે

તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઈપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર Whats App કરો

email: saurashtrakranti@gmail.com

web: www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

## યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE
TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant

SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

# ક્લાસિફાઈડ

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૌક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

જાહેરાત માટે સંપર્ક કરો:

90333 44426




આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે

94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.

# વિજળી બિલમાં પ્રતિ યુનિટ ૮૦ પૈસા વધે તેવી શકયતા : ૭.૬ કરોડ ટન કોલસો આયાત કરવા તૈયારી

## ચોમાસાના કારણે ઓગસ્ટ, સપ્ટેમ્બર અને ઓક્ટોબરમાં કોલસાના ઉત્પાદનને અસરઃ તેથી કંપનીઓએ તેમની માંગને પહોંચી વળવા આયાતનો માર્ગ અપનાવવો પડશે.



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

નવી દિલ્હી, તા.૨૨

વાસ્તવમાં દેશના પાવર પ્લાન્ટ્સની નજીકની સ્થાનિક ખાણોમાંથી કોલસાની અછત સર્જાઈ છે અને માંગ પ્રમાણે વીજળીનું ઉત્પાદન થઈ રહ્યું નથી. એવું માનવામાં આવે છે કે ચોમાસાના વરસાદને કારણે ઓગસ્ટ અને સપ્ટેમ્બરમાં કોલસાના ઉત્પાદનને વધુ અસર થશે. આવી સ્થિતિમાં, માંગને પહોંચી વળવા માટે, સરકારી કંપની કોલ ઈન્ડિયા લિમિટેડ લગભગ ૧૫ મિલિયન ટન કોલસાની આયાત કરશે.દેશમાં ભયંકર રીતે વધી રહેલી મોંઘવારી વચ્ચે હવે વીજળીનો આંચકો લાગી શકે છે. આકરી ગરમીમાં વીજળીની માંગને પહોંચી વળવા સરકાર ૭૬ મિલિયન ટન કોલસાની આયાત કરવાની તૈયારી કરી રહી છે.આ સિવાય દેશની સૌથી મોટી પાવર જનરેશન કંપની NTPC અને દામોદર વેલી કોર્પોરેશન પણ લગભગ ૨૩ મિલિયન ટન કોલસાની આયાત કરવાની યોજના બનાવી રહી છે. આ સાથે અન્ય સરકારી અને ખાનગી વીજ ઉત્પાદન કંપનીઓ પણ તેમના વપરાશને પહોંચી વળવા ૩૮ મિલિયન ટન કોલસાની આયાત કરી શકે છે. આ રીતે, વર્ષ ૨૦૨૨માં જ દેશમાં લગભગ ૭૬ મિલિયન ટન કોલસાની આયાત કરવામાં આવશે, જે વૈશ્વિક બજારના દરે કરવામાં આવશે. કોલસાની આયાતનો સીધો અર્થ એ છે કે હવે વીજળીનું ઉત્પાદન મોંઘું થશે. દેખીતી રીતે, પાવર જનરેટ કરતી કંપનીઓ આ વધેલી કિંમત ગ્રાહકો પાસેથી વસૂલ કરશે અને તેમના બિલ પર બોજ વધશે. આગામી દિવસોમાં વીજળીની પ્રતિ યુનિટ કિંમતમાં ૫૦-૮૦ પૈસાનો વધારો થવાનો અંદાજ છે.

આ મામલા સાથે સંકળાયેલા બે સરકારી અધિકારીઓનું કહેવું છે કે યુનિટ દીઠ ખર્ચમાં વધારો એ વાત પર નિર્ભર રહેશે કે પાવર સ્ટેશન દરિયાઈ બંદરથી



કેટલા દૂર છે. મતલબ કે બંદરથી સ્ટેશન સુધી કોલસાના પરિવહનનો ખર્ચ પણ કંપનીઓના ખર્ચમાં વધારો કરશે.

આ મામલા સાથે જોડાયેલા અધિકારીઓનું કહેવું છે કે, દેશમાં ગરમી વધવાની સાથે વીજળીનો વપરાશ પણ રેકોર્ડ સ્તરે પહોંચી ગયો હતો. આ વર્ષે દેશમાં ૬૦ લાખથી વધુ એસીનું વેચાણ થયું છે, જ્યારે ૯ જૂનના રોજ દેશભરમાં સૌથી વધુ ૨૧૧ ગીગાવોટ પાવરનો વપરાશ થયો હતો. જો કે ચોમાસા સાથે તેમાં ઘટાડો થયો છે,

પરંતુ ૨૦ જુલાઈના રોજ મહત્તમ વપરાશ ૧૮૫.૬૫ ગીગાવોટ હતો. હાલમાં કંપનીઓને વીજળીની માંગને પહોંચી વળવા માટે દૈનિક ૨૧ લાખ ટન કોલસાની જરૂર પડે છે. ચોમાસાના કારણે ઓગસ્ટ, સપ્ટેમ્બર અને ઓકટોબરમાં કોલસાના ઉત્પાદનને અસર થશે. તેથી કંપનીઓએ તેમની માંગને પહોંચી વળવા આયાતનો માર્ગ અપનાવવો પડશે. કંપનીઓનું કહેવું છે કે, કોલસાની અછત ૧૫ ઓગસ્ટ પછી જ શરૂ થશે, પરંતુ આશા છે કે આયાત દ્વારા તેની ભરપાઈ કરવામાં આવશે. આ સિવાય ૧૫ ઓક્ટોબર પછી સ્થિતિ વધુ સાનુકૂળ બનશે, કારણ કે પછી વીજ વપરાશમાં ઘટાડો થશે અને ચોમાસાના અંત પછી કોલસાનું ઉત્પાદન પણ વધી શકે છે.

# રાષ્ટ્રપતિપદે દ્રૌપદી મુર્મુજીની જીત થતાં વોર્ડ નં.૧૪માં ભાજપના કાર્યકર્તા દ્વારા ભવ્ય ઉજવણી



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૨

રાષ્ટ્રપતિપદે દ્રૌપદી મુર્મજીની ભવ્ય જીત થતા વોર્ડ નં.૧૪માં ભાજપના કાર્યકર્તાઓ દ્વારા ભવ્ય આતશબાજી કરવામાં આવી હતી. આ પ્રસંગે વર્ષાબેન રાણપરા, જત્યોત્સનાબેન હળવડીયા, વૈશાલીબેન મહેતા, નિલમબેન ભટ્ટ, જાનવીબેન, કશ્યપ ભટ્ટ, મીત માવાણી, સાવન લોઢીયા, કિશન, વિવેક, ગૌતમ કુરચીયા, નિલેશભાઈ જલુ, હરિભાઈ રાતડીયા, વિપુલભાઈ, મહેશભાઈ પરમાર, રમેશભાઈ, નરહરીભાઈ નિમાવત, સમીરભાઈ મહેતા, આશિષભાઈ, માણસુરભાઈ વાળા, નરેન્દ્રભાઈ મકવાણા, જયવીરસિંહ પરમાર, ધનુભાઈ પટેલ, કિરીટભાઈ કિશોરભાઈ, મુનાભાઈ આહિર, નિરમલભાઈ,વસંતભાઈ સહિતના જોડાયા હતા.(૧૩)

# જે.કે.વેલનેસ ફાઉન્ડેશન અને લોઠડા-પીપલાણા-પડવલા એસો.આયોજીત ભવ્ય વૃક્ષારોપણ

## પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૨

લોઠડા-પીપલાણા-પડવલા ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન તથા જે.કે. વેલનેસ ફાઉન્ડેશન અને સદ્ભાવના વૃધ્ધાશ્રમ-રાજકોટના સહયોગથી વૃક્ષારોપણ કાર્યકમ સાંજે ૫ થી ૭ કલાકે રાખેલ છે. કાર્યક્રમના અધ્યક્ષસ્થાને પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલ ઉપસ્થિત રહેશે.

લોઠડા-પીપલાણા-પડવલા ઈન્ડસ્ટ્રીયલ એસોશીએશન અને જે.કે. વેલનેસ ફાઉન્ડેશન દ્વારા સામાજીક અને સેવાકીય પ્રવૃત્તિઓને વેગ મળે તેવા આશયથી અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જેમાં ખાસ કરી કોરોનાકાળમાં મફતમાં રાશનકીટ વિતરણ, ખૂબ મોટા પ્રમાણમાં માસ્ક વિતરણ, મેગા વેક્સિનેશન કેમ્પ, સર્વરોગ નિદાન કેમ્પ, બ્લડ ડોનેશન કેમ્પ, ગરીબ દર્દી માટે કાયમી એમ્બ્યુલન્સની સેવા, દર્દીઓ માટે વિનામુલ્યે સારવારના ૧૫૦ થી વધારે સાધનો, ચકલીના માળા, ચકલીના પાણી તેમજ ચણના કુંડા તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવતું હોય તે અંતર્ગત લોઠડા-પીપલાણા-પડવલા ઈન્ડ્રસ્ટીયલ એસોસિએશન, જે.કે. વેલનેસ ફાઉન્ડેશન અને સદ્ભાવના વૃધ્ધાશ્રમ રાજકોટના સહયોગથી દર વર્ષની જેમ આ વર્ષે પણ ઘનિષ્ઠ વૃક્ષારોપણનો કાર્યક્રમ પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલના નેતૃત્વને બે વર્ષ પૂર્ણ થયા છે તે અંતર્ગત રાખવામાં આવેલ છે. તેમ જણાવ્યું છે.

લોઠડા-પીપલાણા-પડવલા ઈન્ડસ્ટ્રીયલ એસો.ના પ્રમુખ જયંતિલાલ સરધારા (પ્રમુખ), ઉપપ્રમુખ સંજયભાઈ કાછડીયા, ભાવેશભાઈ બાલધા (મંત્રી) અને વિઠ્ઠલભાઈ બુસા (ખજાનચી) જહેમત ઉઠાવી રહ્યા છે. વનપંડિત એવોર્ડ વિજેતા સદ્ભાવના વૃધ્ધાશ્રમ ટ્રસ્ટના વિજયભાઈ ડોળરીયા, વૃક્ષ માટે નિઃશુલ્ક પાણી આપનાર દાતા કેશુભાઈ ખોયાણી અને મયુરસિંહ જાડેજાનું વિશેષ સન્માન કરવામાં આવશે.

# રાષ્ટ્રપતિપદે દ્રૌપદી મુર્મુજીની જીત થતાં વોર્ડનં.૧૧માં ભાજપ કાર્યકર્તા દ્વારા ભવ્ય ઉજવણી



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૨

રાષ્ટ્રપતિપદે દ્રૌપદી મુર્મુજીની ભવ્ય જીત થતા વિધાનસભા-૭૧ના વોર્ડનં-૧૧માં ભાજપ કાર્યકર્તાઓ દ્વારા ભવ્ય આતશબાજી કરવામાં આવી હતી, આ પ્રસંગે વિધાનસભા પ્રભારી શ્રીઘનશ્યામભાઈ ગોહેલ, ઈન્ચાર્જ રાજુભાઈ બોરીચા, વોર્ડ પ્રમુખ સંજયભાઈ પીપળીયા, મહામંત્રી હરસુખભાઈ માકડીયા, કોર્પોરેટરઓ વિનુભાઈ સોરઠીયા, લીલુબહેન જાદવ, મુકેશભાઈ પંડીત, મુળુભાઈ ઓડેદરા, મનિષભાઈ ચાવડા, ધર્મેશભાઈ સોલંકી, અંકુરભાઈ ધામેલીયા, હીરેનભાઈ મુંગપરા, છગનભાઈ જાદવ, વેલાભાઈ ગમારા, કીશનભાઈ, દુર્લભજીભાઈ ગામી, હેમીબેન ભલસોડ, પલ્લવીબેન પોપટ, રાજુભાઈ ખુમાણ, ગોવિંદભાઈ વિરડીયા, અર્જુનભાઈ આહીર, અમુબાપા પટેલ, અતુલભાઈ રાઠોડ, દીવ્યેષ હીરાણી, ગુમાનસિંહભાઈ પરમાર, જયન્તીભાઈ મેઘાણી. જગદીશભાઈ કપુરીયા, તેમજ વિવિધ જ્ઞાતી સમાજના આગેવાનો ભાઈ-બહેનો મોટી સંખ્યામાં જોડાયા હતા, તેમ જણાવાયું છે.

# SGISમાં ગુરૂપુર્ણિમાની ઉજવણી કરાઈ

## કાર્યક્રમમાં ગુરૂકુળના સંતો દ્વારા "એક મહિનો-એક મૂલ્ય" કાર્યક્રમની ઘોષણા કરાઈ...



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૨

શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ ઈન્ટરનેશનલ સ્કૂલ (SGIS) ખાતે ગુરૂપુર્ણિમાના પાવન દિવસે વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષકો અને માતા-પિતાની વંદના અને પુજન કરીને તહેવારની ભાવપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં સંતો દ્વારા નવા નૈતિક ખ્યાલ 'એક મહિનો - એક મૂલ્ય'ની સમજૂતિ આપવામાં આવી હતી. એટલે કે આગામી ઓગષ્ટ મહિનાથી વિદ્યાર્થીઓને, ભક્તોને અને કાર્યકર્તાઓને દર મહિને એક નૈતિક મુલ્યની સમજુતી અને તેને અનુસરવાની પ્રેરણા આપવામાં આવશે. આ ઉપરાંત માતા-પિતાને શ્રેષ્ઠ પેરેન્ટિંગ ટિપ્સ આપવા માટે 'પેરેન્ટિંગ' વિષય પર નિષ્ણાંત ટોકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વાલીઓને બાળકોના ઉછેર અંગે માર્ગદર્શન પુરૂ પાડયું હતું. શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ આ વર્ષે શિક્ષણ ક્ષેત્રે ૭૫ વર્ષ પૂર્ણ કર્યાના અનુસંધાને જે અમૃત મહોત્સવની ઉજવણી થવાની છે તેની સંતો દ્વારા વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.ગુરૂપૂર્ણિમા પર્વના સફળ આયોજન માટે શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળના પરમ પૂજ્ય શ્રી ગુરૂમહારાજ દેવકૃષ્ણ સ્વામીજી અને પૂજ્ય શ્રી શ્રુતિપ્રકાશ સ્વામીજી અને શાળાના એડવાઈઝર શ્રીકાંત તન્નાના માર્ગદર્શનમાં શાળાના શિક્ષકો દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩)

# સાહિત્ય સેતુ દ્વારા કાલે મેઘાણી વંદના

## રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના જીવન- કવનની વાતો, પુસ્તક પ્રદર્શન, વક્તવ્ય વગેરે યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૨

દીકરાનું ઘર વૃધ્ધાશ્રમ- ઢોલરા પ્રેરિત સાહિત્યીક પ્રવૃત્તિ કરતી સંસ્થા સાહિત્ય સેતુ દ્વારા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતિ વર્ષની ઉજવણી અંતર્ગત તા.૨૩ શનિવારનાં રોજ સવારનાં ૯:૧૫ વાગ્યે અંબાજી કડવા પ્લોટ વિસ્તારમાં આવેલી સરોજીની નાયડુ ગર્લ્સ હાઈસ્કૂલમાં મેઘાણી સ્મૃતિ વંદના કાર્યક્રમ યોજવામાં આવેલ છે.

જેમાં મેઘાણીજીનાં જીવન-કવનની વાતો, મેઘાણીનાં પુસ્તકોનું પ્રદર્શન, કસુંબીનો રંગ, રક્ત ટપકતી સોસો ઝોળી, ચૌદ વર્ષની ચારણ કન્યા, પેટે ઝૂલે છે તલવાર સહિતનાં મેઘાણીનાં ગીતો- લોકગીતોનું ગાન, શાળાની વિદ્યાર્થીની બહેનોનું મેઘાણીજી વિશે વક્તવ્ય, શાળાને ઝવેરચંદ મેઘાણીનો ફોટો ભેટ સહિતનાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

# રાષ્ટ્રપતિ પદે દ્રૌપદી મુર્મુજીની જીતની શુભેચ્છા પાઠવતા :રાજુભાઈ ધ્રુવ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૨

દેશના ૧૫માં રાષ્ટ્રપતિ પદ માટે યોજાયેલી ચૂંટણીનું પરિણામ જાહેર થઈ ગયું છે. આ ચૂંટણીમાં એનડીએના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર દ્રૌપદી મુર્મુજીએ વિજય મેળવી લીધો છે ત્યારે સૌરાષ્ટ્ર ભાજપ પ્રવક્તા રાજુભાઈ ધ્રુવે અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, આદિવાસી સમાજમાંથી આવનાર દ્રોપદી મુર્મુજી એક ઉત્કૃષ્ટ રાષ્ટ્રપતિ પુરાવાર થશે અને તેમના જીવનની રાજકીય યાત્રામાં પ્રખર લોકસેવક તરીકે તેઓ ઉત્કૃષ્ટ ધારાસભ્ય અને મંત્રી રહ્યા છે. ઝારખંડના રાજ્યપાલ તરીકે તેમનો કાર્યકાળ ઉત્તમ રહ્યો હતો. દ્રૌપદી મુર્મુજી



આદિવાસી સમાજમાંથી આવે છે ત્યારે તેઓએ રાષ્ટ્રપતિપદે ચૂંટાવાની સાથે અનેક રેકોર્ડ બનાવ્યા છે. તેઓ એક શ્રેષ્ઠ નેતા સાથે એક છેવાડાના માનવીની સેવા કરનાર શ્રેષ્ઠ લોકસેવક ભૂમિકામાં પણ આજીવન સફળ રહ્યા છે.

રાજુભાઈ ધ્રુવે વધુમાં જણાવ્યું હતું કે, દેશના ૧૫માં રાષ્ટ્રપતિની ચૂંટણીમાં એનડીએના ઉમેદવાર દ્રૌપદી મુર્મુજીના સમર્થનમાં ૧૭ સાંસદો તેમજ વિવિધ રાજ્યોની વિધાનસભામાં ૧૦૪ થી વધુ ધારાસભ્યોએ પોતાના પક્ષના નિર્ણયથી દુર પોતાની રાજકીય કારકિર્દીને જોખમમાં મૂકી અંતઃકરણના અવાજને અનુસરીને ક્રોસ વોટિંગ કરી રાષ્ટ્રપતિજીની ઉમેદવારીને સમર્થન આપ્યું છે. મતલબ કે વિરોધી રાજકીય દળના લોકોએ પણ એનડીએના રાષ્ટ્રપતિપદના ઉમેદવાર દ્રોપદી મુર્મુજીને સહર્ષ સ્વીકાર્યા અને વધાવ્યા છે. તેમ જણાવ્યું છે.

# ભરણપોષણના કેસમાં પત્નીને માસિક રૂ.૨૫ હજાર ચુકવવા હુકમ કરતી કોર્ટ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૨

રાજકોટ શહેરમાં ટાર્ગોરનગર - ૨, કાલાવડ રોડ મુકામે રહેતા ડીમ્પલબેન ફોરમભાઈ વિઠ્ઠલાણીએ પોતાના ડેન્ટીસ્ટ પતિ ડો. ફોરમ તુલસીદાસ વિઠ્ઠલાણી (રહે.નેપ્ચયન ટાવર, પહેલો માળ, કાલાવડ રોડ, રાજકોટ) વિરૂધ્ધ રાજકોટની ના. ફેમિલી કોર્ટમાં ભરણપોષણ મેળવવા માટે કરેલ અરજી ગ્રાહય રાખી. માસિક રૂ.૨૫,૦૦૦ ભરણપોષણ પેટે ચુકવી આપવાનો હુકમ ફરમાવેલ છે.

આ કેસમાં ડીમ્પલબેન ફોરમભાઈ વિઠ્ઠલાણી (પત્ની) દ્વારા પોતાના પતિ વિરૂધ્ધ ફેમિલી કોર્ટમાં ભરણપોષણ મળવા માટે અરજી દાખલ કરી રજુઆત કરેલ હતી કે તેઓના લગ્ન સને - ૨૦૦૫માં થયેલ હતા, લગ્ન બાદ તેઓને થોડો સમય સારી રીતે રાખેલ ત્યારબાદ તેઓના ડેન્ટીસ્ટ પતિ ડો. ફોરમ વિઠ્ઠલાણી તથા તેઓના કુટુંબીજનો કરીયાવર બાબતે તેઓને મેણા ટોણા મારતા હતા તથા તેઓના સાસરીયા પક્ષના સભ્યો પતિને કાન ભંભેરણી કરતા હતા તથા લગ્ન જીવન દરમ્યાન તેઓના પતિ તેઓને ગાળો આપી મારકુટ કરી શારીરિક માનસિક દુઃખ ત્રાસ આપવામા આવતો હતો, તેઓના પતિને પાયલ પારેખ નામની પરસ્ત્રી સાથે સબંધો છે, ફોટોગ્રાફસ પણ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ હતા. જેના આધારે ભરણપોષણની માંગણી કરી હતી.

ફૈમિલી કોર્ટ સમક્ષ આ કેસ ચાલી જતા કોર્ટ પતિની આવક મુજબ માસિક રૂમ.૨૫,૦૦૦ મેળવવા પત્ની હકકદાર બનતા હોય, અરજદારને મરણપોષણ પેટે માસિક રૂ.૨૫,૦૦૦ અરજી કર્યાની તારીખથી ચુકવી આપવા સંબંધેનો હમ ફરમાવેલ હતો.આ કેસમાં અરજદાર (પત્ની) ડીમ્પલબેન ફોરમભાઈ વિઠ્ઠલાણી વતી એડવોકેટ દરજજે લલિતસિંહ જે. શાહી, ભુવનેશ એલ. શાહી, ફાલ એલ. શાહી, ચંપલ ચીલી, યોગેશ બારોટ, સુરેશ ફળદુ, હીતેષ ગોહેલ, મનીષ ગુગ, નિશાંત જોષી તથા દેવેન ગઢવી રોકાયેલ હતા.

# રાજકોટ ડિવિઝનની ૧૦ ટ્રેનોમાં બેડરોલ સુવિધા પુનઃસ્થાપિત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૨

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન દ્વારા જે ટ્રેનોંનું પ્રાઇમરી મેન્ટેનન્સ રાજકોટ ડિવિઝન પાસે છે. તેવી તમામ ૧૦ જોડી ટ્રેનોમાં મુસાફરોને બેડરોલ આપવાની સુવિધા પુનઃસ્થાપિત કરવામાં આવી છે.

રાજકોટ ડિવિઝનના સિનિયર ડીસીએમ અભિનવ જેફના જણાવ્યા અનુસાર, આ સેવા કોવિડ-૧૯ મહામારીના લીધે બંધ કરવામાં આવી હતી. રેલ્વે મંત્રાલય તરફથી સૂચના મળ્યા પછી, આ સેવા તબક્કાવાર રીતે પુનઃસ્થાપિત કરવામાં આવી છે. બેડરોલ સુવિધા પુનઃસ્થાપિત થવાથી, એસી કોચના મુસાફરોને બિનજરૂરી રીતે લિનન, ધાબળા અને બેડશીટ વગેરે લઈ જવાથી મુક્તિ મળી છે.

રાજકોટ-દિલ્હી સરાય રોહિલા એક્સપ્રેસ, રાજકોટ-રીવા એક્સપ્રેસ, ઓખા-દેહરાદૂન ઉત્તરાંચલ એક્સપ્રેસ, હાપા-બિલાસપુર એક્સપ્રેસ, ઓખા-શાલીમાર એક્સપ્રેસ, ઓખા-જયપુર એક્સપ્રેસ, ઓખા-વારાણસી એક્સપ્રેસ, હાપા-મડગાંવ એક્સપ્રેસ, જામનગર-તિરૂનાલવેલી એક્સપ્રેસ, ઓખા - તુતીકોરીન વિવેક એક્સપ્રેસ આમ રાજકોટ ડિવિઝનની ૧૦ જોડી ટ્રેનોમાં મુસાફરોને ફરીથી બેડરોલ આપવામાં આવી રહ્યા છે. તેમ યાદી જણાવ્યુ છે.(૧૩)



## જીવદયા પ્રશ્નો અંગે પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલને રજૂઆત કરતા એનીમલ હેલ્પલાઈન-કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટના રમેશ ઠકકર, પ્રતિક સંઘાણી

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

આપની આસપાસ બનતી ઘટનાઓ, પ્રશ્નો સમાચારો, સામાજિક, ધાર્મિક અને સેવાકિય પ્રસંગો, અવસાન નોંધ સહિત શાળા-કોલેજોમાં ઉજવાયેલા પ્રસંગો, વિવિધ ક્ષેત્રે મેળવેલી સિદ્ધિઓ તેમજ રચનાત્મક પ્રવૃતિઓના સમાચારો અમને લખીને મોકલો. સૌરાષ્ટ્ર ક્રાંતીમાં યોગ્ય સ્થાન આપવામાં આવશે... (આ સાથે સારા રિઝોલ્યૂશવાળા ફોટોગ્રાફ પણ મોકલી શકો છો)

વોટ્સએપ નં.93752 17603 email:-saurashtrakranti@gmail.com

એડ્રેસ: ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧



PACKAGINGHUB

પ્રોડકટ આપકા, સજાવટ હમારી ।

Hitesh Kakadia | 93777 75636

6-Mira Udhyog, Plot No.27,
Nr, Ajay Weight Brige Rajkot-360003

www.packaginghub.in e-mail : hitesh@packaginghub.in

# તંત્રી સ્થાનેથી...

## ગ્લોબલ વોર્મિંગને નાથવા પગલા લેવા જરૂરી...

દુનિયાભરના પર્યાવરણશાસ્ત્રીઓએ કાગારોળ મચાવી છે કે આ ખરેખર ઇમર્જન્સી છે અને હવે ગ્લોબલ વોર્મિંગને નાથવા પગલા ન લેવામાં આવ્યાં તો મોડું થઇ જશે. માનવજાત માટે કોડ રેડ એટલે કે ખતરાની ઘંટડી ગણાવ્યો છે. ક્લાઇમેટ ચેન્જ આજે સમગ્ર ધરતી માટે મોટો ખતરો બની ગયો છે.લાંબા સમયથી પૃથ્વીના પર્યાવરણમાં થઇ રહેલા ફેરફારને લઇને મોટી મોટી ચિંતાઓ વ્યક્ત થતી રહી છે અને ધરતીને બચાવવા માટે વિશ્વ પર્યાવરણ સંમેલનોમાં મોટી મોટી જાહેરાતો થતી રહી છે. પરંતુ આ સમસ્યાના સમાધાન માટે કોઇ નક્કર સમાધાન સધાઇ શક્યું નથી એટલા માટે સમસ્યા ઘટવાના બદલે સતત વધી રહી છે.આજે દુનિયાભરના દેશો પર્યાવરણમાં થઇ રહેલાં વિનાશક ફેરફારોની ચિંતા વ્યક્ત તો કરી રહ્યાં છે પરંતુ આ દેશો એ વાતે સહમત નથી થઇ શક્યાં કે શરૂઆત ક્યાંથી કરવી અને કેવી રીતે કરવી. કાર્બન ઉત્સર્જન કેવી રીતે ઘટાડવું એનો ઉકેલ મળ્યો નથી. પરિણામે પરિસ્થિતિ એટલી હદે સ્ફોટક બની ગઇ છે કે ઉદ્યોગોથી લઇને ઘરોમાં વપરાતા બળતણના ઉપયોગથી ઉત્સર્જિત થતો ધુમાડો હવાને ઝેરી બનાવી રહ્યો છે. ગુજરાતના પણ કેટલાંક દરિયાકાંઠાના પ્રદેશો દરિયાની વધી રહેલી જળસપાટીનો ભોગ બની શકે છે. એવી આશંકા વ્યક્ત થઇ રહી છે કે જો આમ બન્યું તો એકલા ભારતના જ સાડા ત્રણ કરોડ લોકો વિસ્થાપિત થઇ શકે છે. મોસમ વિજ્ઞાનીઓએ ચેતવણી આપી છે કે વર્તમાન સદીમાં સૌથી મોટું જોખમ વધી રહેલા તાપમાનનું જ છે. એટલા માટે આગામી કેટલાંક દાયકામાં ધરતીનું તાપમાન બે ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટાડવાનો ભારેખમ પડકાર દુનિયા સામે ઊભો છે.વાહનો અને કારખાનાઓથી થતા પ્રદૂષણને નાથવાનો કોઇ નક્કર પ્લાન નથી. હવામાન સંસ્થાઓ અને સંશોધકોના અહેવાલો નજર સામે છે, દુનિયાના તમામ દેશોની સરકારોએ એ રિપોર્ટો પર તાત્કાલિક ધોરણે કામ કરવાની જરૂર છે નહીંતર પૃથ્વીનું હવામાન એવું બેલગામ બની જશે જેને દુનિયાની કોઇ તાકાત રોકી નહીં શકે.વિકાસની વિવિધ પરિયોજનાઓ અંતર્ગત જે રીતે જંગલોનો સફાયો કરવામાં આવ્યો અને વૃક્ષો કાપવામાં આવ્યા એના કારણે પરિસ્થિતિ ભયાવહ બની ગઇ છે. કુદરતના આ અસંતુલનના કારણે ચોમાસાને તો અસર પહોંચી, સાથે સાથે જમીનના ધોવાણ અને નદીઓ દ્વારા ભૂક્ષરણની પ્રવૃત્તિ પણ વધી.

# સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા કુંકાવાવમાં વરલી મટકાના અડ્ડા પર દરોડો

## કુલ ૧૩ ઝડપાયા: ત્રણ વાહનો, બાર મોબાઈલ ફોન સહિત ૬.૨૩ લાખનો મુદ્દામાલ કબ્જે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૨૨

ગુરૂવાર વડીયા તાલુકાનાં કુંકાવાવમાં જુની હોમગાર્ડ ઓફીસ નજીક જાહેરમાં ચાલતા વરલી મટકાનાં અખાડા પર સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે દરોડો પાડી કુલ ૧૩ આરોપીઓને ઝડપી લઈ કુલ રૂા. ૬.૨૩ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. એસએમસીનાં પીએસઆઈ એસ.આર.શર્માએ મળેલી બાતમીનાં આધારે આ દરોડો પાડી સ્થળ પરથી વર્લી મટકાનો વેપાર લેનાર મુખ્ય આરોપી વિક્રમ કાળુભાઈ ચાવડા, આંકડા લખવા માટે રાખેલા ઘનશ્યામ કનુભાઈ જોશી અને ગોવિંદ સંજય જયસ્વાલ ઉપરાંત આંકડા લખાવવા આવનાર દસ ગ્રાહકો મળી કુલ ૧૩ આરોપીઓને સકંજામાં લીધા હતાં. સ્થળ પરથી એક થ્રી વ્હીલર, બે ટુ વ્હીલર, બાર મોબાઈલ ફોન, રૂા. ૩૬ હજાર રોકડા સહિતનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. એસએમસીની આ રેઈડનાં પગલે સ્થાનિક પોલીસમાં દોડધામ મચી ગઈ હતી. નિયમ મુજબ સ્થાનિક પોલીસની ભૂમીકા તપાસવા માંટે એસપી દ્વારા તપાસનાં આદેશ અપાશે.

# રેલવેને સાંકળતા વિવિધ મુદ્દાઓના ઝડપી નિરાકરણ લાવવા સાંસદ મોહન કુંડારીયાની સુચના



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૨

રાજકોટ મહાનગરપાલિકા અને રેલવેને સાંકળતા વિવિધ મુદ્દાઓનાં ઝડપી નિરાકરણ લાવવાના હેતુ સાથે સાંસદ મોહનભાઈ કુંડારીયાનાં અધ્યક્ષ સ્થાને મહાનગરપાલિકા અને રેલ્વેના અધિકારીઓની બેઠક યોજાઈ હતી. જેમાં મેયર ડો. પ્રદિપ ડવ, મ્યુનિ. કમિશનર અમિત અરોરા, ડી.આર.એમ. રાજકોટ અને ડી.આર.એમ. ભાવનગર, બાંધકામ સમિતિના ચેરમેન કેતનભાઈ પટેલ, નાયબ મ્યુનિ. કમિશનરઓ આશિષ કુમાર, ચેતન નંદાણી, એ.આર.સિંહ તેમજ મનપાના સિટી એન્જી.ઓ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગત તા.૨૧નાં રોજ રાજકોટ મહાનગરપાલિકાની સેન્ટ્રલ ઝોન કચેરી, કોન્ફરન્સ હોલ ખાતે સાંસદ મોહનભાઈ કુંડારીયાનાં અધ્યક્ષ સ્થાને મહાનગરપાલિકા અને રેલવેના અધિકારીઓની વિડિયો કોન્ફરન્સીંગનાં માધ્યમથી બેઠક યોજવામાં આવી હતી, આ બેઠકમાં રાજકોટ રેલ્વે અને ભાવનગર રેલ્વે સાથે વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી જેમાં, ગોંડલ ચોકડીએ ચાલુ કામગીરીને કારણે ટ્રાફિક ડાયવર્ઝનનાં લીધે બીજા રીંગ રોડ પરનાં ફાટક શિફ્ટીંગ તથા વાઈડીંગ (પહોળું) કરવા બાબતે ડી.આર.એમ. ભાવનગર સાથે ચર્ચા કરવામાં આવી હતી જેની ટેન્ડરની કાર્યવાહી થઇ ગયેલ છે અને સાંસદએ આ કામગીરી ઝડપી કરવા સુચના આપી હતી.

વધુમાં લક્ષ્મીનગર અન્ડરબ્રિજ થી ભક્તિનગર રેલ્વે સ્ટેશન સુધીના હયાત ૯ મીટર રોડને ૨૪ મીટર પહોળો કરવા જમીન સંપાદન માટે ડી.આર.એમ. રાજકોટને ઝડપી કાર્યવાહી કરવા પણ સુચના આપી હતી. ભક્તિનગર સ્ટેશનના એપ્રોચ રોડ તરીકે વિકસાવવાનું થયું હોય અને ભક્તિનગર સ્ટેશન પાસે હાલ ૯ મીટર રોડને બદલે ૨૪ મીટર રોડ થતા સ્ટેશન પણ રોડ પર આવી જાય અને રેલ્વે જમીન આપે તથા કોર્પોરેશન ડેવલપ કરે જેનાથી નાગરિકો અને રેલ્વેને પણ ફાયદો થશે.

હયાત પોપટપરા નાલાની બાજુમાં હંસરાજનગર વોકળાની સામે રેલ્વે લાઈન નીચેથી રેલ્વેનાં ખર્ચે નવો વોટર-વે બનાવવા માટેની કાર્યવાહી આગળ કરવા પણ સાંસદએ સુચના આપી હતી. હાલ એસ્ટ્રોન નાલાની બાજુમાં એવા જ પ્રકારનું અન્ય એક નાલુ ડો. હોમી દસ્તુર માર્ગની સામે મુકવા માટે રોડ લેવલે બનાવવા માટેની યોજનાની ડીઝાઈન અને એસ્ટીમેટ રાજકોટ મહાનગરપાલિકામાં સબમિટ કરવા પણ સુચના આપવામાં આવી હતી. વધુમાં ભાવનગર ડિ-વીઝન સાથે ટેક્સ અંગેના ખર્ચ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. તેમ જણાવ્યું છે.

# શહેરના તમામ વોર્ડના બુથમાં મન કી બાત વીથ ટિફિન બેઠક કાર્યક્રમ યોજાશે



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૨

શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જીતુ કોઠારી,

## કાર્યક્રમને સફળ બનાવવા ભાજપ કાર્યાલય ખાતે કમલેશ મિરાણી, કશ્યપ શુકલ, વિરેન્દ્રસિંહ ઝાલા દ્વારા બેઠક યોજાઈ

કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુરની એક સંયુક્ત અખબારી યાદીમાં જણાવાયું છે કે દર માસના અંતિમ રવીવારે નરેન્દ્રભાઈ મોદી આ કાર્યક્રમ દ્વારા પોતાના વિચારો શેર કરે છે.આ કાર્યક્રમમાં લોકો પોતાના વિચારો રજુ કરે છે. દેશભરમાંથી બાળકો તથા અન્ય નાગરીકો પોતાના વિચાર વડાપ્રધાનને મોકલે છે. પસંદ કરેલા વિચારોને આ કાર્યક્રમમાં સામેલ કરવામાં આવે છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી મન કી બાત દ્વારા લોકો સાથે સીધો સંવાદ પ્રસ્થાપતિ કરે છે ત્યારે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના માર્ગદર્શન હેઠળ આગામી તા.૩૧ના રોજ સવારે ૧૧કલાકે મન કી બાત વીથ ટિફિન 'બેઠક કે સાથ કાર્યક્રમ યોજાશે. જેમાં શહેરના તમામ બુથોમાં શક્તિકેન્દ્રમાં મન કી બાત કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ટિફિન બેઠક યોજાશે. આ ટિફિન બેઠકમાં અગ્રણીઓ દ્વારા જે-તે શકિતકેન્દ્રમાં કાર્યકર્તાઓ સાથે આગામી કાર્યક્રમો અને વિવિધ સંગઠનાત્મક બાબતો અંતર્ગત ચર્ચા-પરામર્શ કરવામાં આવશે.

આ કાર્યક્રમની પૂર્વતૈયારીના ભાગરૂપે શહેર ભાજપ કાર્યાલય ખાતે કમલેશ મિરાણીની અધ્યક્ષતામાં અને સૌરાષ્ટ્ર ઝોન ટિફિન બેઠકના ઈન્ચાર્જ કશ્યપ શુકલ, શહેર ભાજપ મહામંત્રી જીતુ કોઠારી, કીશોર રાઠોડ, નરેન્દ્રસિહ ઠાકુર, મન કી બાત કાર્યક્રમના ઈન્ચાર્જ વિરેન્દ્રસિંહ ઝાલા, શકિતકેન્દ્ર ટિફિન બેઠક કાર્યક્રમના ઈન્ચાર્જ રઘુભાઈ ધોળકીયાની ઉપસ્થિતિમાં બેઠક યોજવામાં આવેલ હતી. આ તકે કમલેશ મિરાણી, કશ્યપ શુકલ અને વિરેન્દ્રસિંહ ઝાલાએ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે પ્રાશંગિક પ્રવચન આપી વિસ્તૃત માર્ગદર્શન પુરૂ પાડેલ હતું. આ કાર્યક્રમમાં તમામ વોર્ડના પ્રભારી, પ્રમુખ, મહામંત્રી, મોરચાના પ્રમુખ, મહામંત્રી ઉપસ્થિત રહયા હતા. આ બેઠકની વ્યવસ્થા શહેર ભાજપ કાર્યાલય મંત્રી હરેશભાઈ જોષીએ સંભાળી હતી. તેમ જણાવ્યું છે.

# મહિકામાં રોડ-રસ્તાના પ્રશ્ને મહિલાઓએ સરપંચનો ઘેરાવ કરી રોષ ઠાલવ્યો





(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૨

રાજકોટ તાલુકાના મહિકા ગામમાં રોડ-રસ્તા ન હોવાથી ગ્રામજનોમાં ભારે રોષ ફેલાયો છે.

અગાઉ જીલ્લા પંચાયતના પ્રમુખ ભૂપત બોદર દ્વારા આશ્વાસન આપ્યું હતું કે, રોડ-રસ્તાનું કામ કરી આપશું પણ આજદિન સુધી કોઈ કામગીરી નહીં કરાતા આજે મહિલાઓએ મહિકા ગામના સરપંચ બાબુભાઈ મોલીયાનો ઘેરાવ કર્યો હતો. જીલ્લા પંચાયતના ભૂપત બોદરને રોડ-રસ્તાની માંગ કરી હતી. મહિકાના ગ્રામવાસીઓએ હલ્લાબોલ કરતા રોડ-રસ્તા પર મોરમ પાથરવા ટ્રેકટર મોકલેલ પણ રોડ કરવાની માંગ કરતા ટ્રેકટરમાં ભરેલ મોરમ પરત થયું હતું. સરપંચ દ્વારા અગાઉ પાસ થયેલ લાઈટો અન્ય જગ્યાએ નાખવામાં આવતા લોકો દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવે છે. ગામ બહાર આવેલા વિસ્તારને સુવિધા ન આપી પ્રાઈવેટ પાર્ટી પ્લોટ આજુબાજુ સુવિધા આપવામાં આવતા પાર્ટી પ્લોટના માલિકો પાસેથી સરપંચ હપ્તા લેતા હોવાનો વિસ્તારવાસીઓ દ્વારા આક્ષેપ કર્યો છે. છેલ્લા કેટલાક સમયથી મહિકામાં રોડ-રસ્તાના પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી હતી છતાં આજદિન સુધી રોડ બનાવામાં નથી આવ્યા. રોડ-રસ્તા પર મોરમ નાખી કામગીરી કર્યાનો અધિકારીઓ અને સ્થાનિક નેતાઓ સંતોષ માની લેતા હોય છે. મહિકામાં રોડ-રસ્તા પર પડેલા ખાડાથી રાહદારીઓ વાહનચાલકોને ભારે મુશ્કેલીઓ પડી રહી છે તેવું લોકોનું કહેવું છે.

# સોશિયલ મીડિયા પર ફોલોઅર્સ વધારવા હવામાં ફાયરીંગ કરનાર મહિલા ઝબ્બે

## મહિલા અને તેના કારખાનેદાર પતિની સામે ગુનો નોંધી અટકાયત, લાયસન્સવાળી રિવોલ્વર કબ્જે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૨૨

યેનકેન પ્રકારે ફેમસ થવા અને સીન જમાવવા માટે ગેરકાનૂની કૃત્યો કરી તેના વીડિયો કમ રીલ્સ બનાવી તેને સોશ્યલ મિડિયા પર વાયરલ કરવાની ઘેલછાનો રાજકોટમાં અંત આવતો ન હોય તેમ આજે એક મહિલાનો હવામાં ફાયરીંગનો વીડિયો વાયરલ થતાં ક્રાઈમ બ્રાંચે તત્કાળ તે મહિલાને શોધી કાઢી અને મહિલા ઉપરાંત તેના પતિની અટકાયત કરી હતી.શહેરમાં આજે એક મહિલા સરાજાહેર પોતાની પાસે રહેલા હથીયારમાંથી હવામાં ફાયરીંગ કરતી હોય તેવો વીડિયો વાયરલ થયો હતો. જેના પગલે ક્રાઈમ બ્રાંચનાં પીઆઈ વાય.બી. જાડેજાએ તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, વીડિયોમાં દેખાતી મહિલા તૃપ્તીબેન દિલીપભાઈ સાલીયા રૈયા રોડ પરનાં આલાપ ગ્રીન સીટીની બાજુમાં કેપીટલ ગોલ્ડ એપાર્ટમેન્ટ ફ્લેટ નંબર - ૩૦૧માં રહે છે. જેના આધારે તેની પુછપરછ કરતાં જણાવ્યું હતું કે, બે અઢી માસ પહેલા નવા ૧૫૦ ફુટ રીંગ રોડથી વેજા ગામ વાજડી તરફ બનતા નવા હાઈરાઈસ બિલ્ડીંગ પાસેના રોડ પર આ વીડિયો ઉતાર્યો હતો, જેમાં તેણે પતિ દિલીપ તરશીભાઈ સાવલીયાની લાયસન્સ વાળી રીવોલ્વરમાંથી હવામાં ફાયરીંગ કર્યું હતું અને તેનો વીડિયો તેના પતિએ જ ઉતાર્યો હતો.આ માહિતીને આધારે ક્રાઈમ બ્રાંચે બીજાઓની જીંદગી અને સલામતી ભયમાં મુકાય તેવી રીતે બેદરકારીથી તેમજ પોતાની ધાક જમાવવા માંટે આ કૃત્ય કરાયાની કલમો ઉપરાંત આર્મ્સ એક્ટ હેઠળ ગાંધીગ્રામ-૨ પોલીસમાં ગુનો નોંધી આરોપી તૃપ્તી (ઉ.વ.૨૮) અને તેના પતિ દિલીપ (ઉ.વ. ૩૯)ની અટકાયત કરી હતી.ક્રાઈમ બ્રાંચે વીડિયોમાં દેખાતી દિલીપની પરવાનાવાળી રૂા. ૧.૫૦ લાખની કિંમતની રીવોલ્વર પણ કબ્જે કરી હતી. ક્રાઈમ બ્રાંચનાં સુત્રોએ



પુછપરછમાં જણાવ્યું કે, પ્રાથમિક તૃપ્તીબેને સોશ્યલ મિડિયા પર ફોલોઅર્સ વધારવા માંટે આ કૃત્ય કર્યાની માહિતી આપી છે. આરોપી દિલીપ ગૌશાળામાં સેવા આપવાની સાથોસાથ પ્લાસ્ટીકનું કારખાનું ધરાવે છે. મુળ પડધરીનાં ન્યારા ગામનો વતની છે.

# નાનામવા રોડ પર બે મકાનમાંથી તસ્કરો ત્રાટકયા:રૂ.૧.૯૧ લાખની ચોરી

## મકાનમાં તસ્કરોએ તાળા તોડી દાગીના અને રોકડની ચોરી કરી

રાજકોટ,તા.૨૨

રાજકોટના નાનામવા મેઈન રોડ અલયપાર્કમાં મકાન ધરાવતા અને હાલ અમદાવાદમાં શ્યામ રેસીડેન્સીમાં રહેતા પિયુષભાઇ વલ્લભભાઇ પાનસુરીયા(પટેલ)(ઉ.વ.૩૬)ના રાજકોટ આવેલ મકાનના તાળા તોડી તેમાં રહેલા દાગીના અને રોકડ સહિત રૂ.૧.૯૧ લાખની ચોરી થઈ હોવાનું માલુમ પડતા રાજકોટ તાલુકા પોલીસે કાર્યવાહી કરી હતી. પિયુષભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે,મોબાઇલ ઉપર ફોન કરેલ અને કહેલ કે તમો ઘરને તાળું મારેલ નથી જેથી મારા માતાએ મારા પત્નીને કહેલ કે મે ઘરને તાળુ મારેલ છે. મારા માતા તથા મારા ભાઇના પત્ની કીંજલબેન તેઓ બંન્ને સાથે મારા રાજકોટ ઘરે જ્યાં મારા માતા- પિતા રહેતા હોય તે સ્થળે પહોંચી ગયા હતા અને મારા પિતાજી બહારગામ ગયેલ હતા બાદ મારા માતા તથા કિંજલબેન આ બંને ઘરની અંદર તપાસ કરી તો ઘરમાં સરસામાન વેરવિખેર પડેલ હતો. જેથી મે અમારા ઘરમાં મુકેલ સોના ચાંદીના દાગીના તેમજ રોકડા રૂપિયા ૨૫,૦૦૦ જે મળી કુલ રૂ.૧,૯૧,૨૦૦ ની ચોરી થયાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ હતી.આ બનાવની તપાસ કરતા જે સ્થળે ચોરી થઈ ત્યાં નજીકમાં આવેલી તિરૂપતિ સોસાયટીમાં આવેલા મકાનમાંથી પણ રોકડ અને દાગીનાની ચોરી થઈ હતી.

# રાજકોટ ક્રાઈમ

## રેલવેના કર્મચારીના મોબાઈલની ચોરી

કોઠી કમ્પાઉન્ડમાં રહેતા અને રેલવેમાં ચીફ ટ્રેન કંટ્રોલર તરીકે નોકરી કરતાં નવીન ચંદ્રપ્રકાશ વર્મા (ઉ.વ. ૫૨) કોઠી કમ્પાઉન્ડમાં પોતાની કંટ્રોલ ઓફિસમાંથી જમવાના સમય થતા બાઇક લઇ ઘરે જતા રવાના થયા હતા. તે ભીસ્તીવાડ ચોક પાસે એક દુકાને વસ્તુ ખરીદવા ગયા ત્યારે તેના ખીસ્સામાંથી અજાણ્યો શખ્સ નજર ચુકવી રૂા. ૭ હજારની કિંમતનો મોબાઇલ ચોરી ગયાની પ્ર.નગર પોલીસમાં ફરિયાદ નોંધાઇ છે.

## ટંકારા નજીક જુગાર રમતા ૩ ઝડપાયા

ટંકારાથી કોઠારીયા રોડ ઉપર ટંકારા પોલીસ પેટ્રોલિંગમાં હતી. એ સમયે આસુન્દ્રા નદીના કાંઠે લીમડાના ઝાડ નીચે નવઘણભાઇ બચુભાઇ ડાભી, કાળુભાઇ જેરામભાઇ સાલાણી અને રવજીભાઇ મેઘજીભાઇ ચાવડા ગંજીપતાના પાના વડે પૈસાની હારજીતનો તીનપતિનો જુગાર રમતા મળી આવ્યા હતા. જેથી પોલીસે ગંજીપતાના પાના નંગ પર તથા જુદા જુદા દરની ચલણી નોટો રોકડ રૂપિયા ૧૪૪૦૦ના મુદ્દામાલ સાથે ત્રણેયની ધરપકડ કરીને ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે

## જુગાર રમતા પાંચ ઝડપાયા

ઝોન-૨નાં ડીસીપીની એલસીબીનાં સ્ટાફે રેલનગરમાં અમી રેસીડન્સીમાં બ્લોક નંબર-૪૪માં દરોડો પાડી જુગાર રમતા મકાન માલીક અશોકસિંહ ખુમાનસિંહ જાડેજા, પરસોત્તમ ગોકળભાઈ લાઠીયા, વિજય છગનભાઈ પરમાર, બાબુભાઈ વિનુભાઈ નાથ અને પ્રકાશભાઈ ગાંડાલાલ મહેતાને ઝડપી લઈ રૂા. ૧૧,૫૫૦ની રોકડ રકમ કબ્જે કરી હતી.

## છરી સાથે બે નામચીન શખ્સો ઝડપાયા

શહેરમાં માથાભારે અને ગુનેગારો હંમેશા પોતાની સાથે છરી સહિતનાં ઘાતક હથીયારો લઈ ફરતા હોય છે. જેને કારણે માથાકુટ થતા તત્કાળ ઘાતક હથીયારોથી હુમલાઓ કરતા હોય છે. આ પ્રકારની ઘટનાઓ શહેરમાં સામાન્ય બની ગઈ છે. પોલીસ નિયમિત ચેકીંગ કરવાને બદલે ક્યારેક ક્યારેક ચેકીંગ કરે છે. માલવીયાનગર પોલીસે ૧૫૦ ફુટ રીંગરોડ પરનાં ઓમનગર સર્કલ પાસેથી બે નામચીન આરોપી રાહુલ પ્રભાત સબાડ (રહે, શ્રીનાથજી સોસાયટી ૩, મવડી) અનેસચીન હસમુખભાઈ પરમાર (રહે, લક્ષ્મીનગર, આરએમસી ક્વાર્ટર)ની છરી સાથે ઝડપી લીધા હતાં. આરોપીસચીન સામે આર્મ્સ એક્ટ, મારામારી, પ્રોહીબીશન, જાહેરનામાં ભંગ સહિતનાં આઠ ગુના જયારે રાહુલ સામે મારામારી, ધમકી આપવી સહિતનાં સાત ગુના નોંધાયા છે. ૨૦૨૧માં પાસાની હવા પણ ખાઈ આવ્યો છે.

## લોખંડનો ડેલો માથે પડતા બાળકીનું મોત

કણકોટ રોડ પર ક્રિસ્ટલ એવનમાં રહેતા રવિભાઈ ઉજીયાની ચાર વર્ષની પુત્રી આરવી આજે જીવરાજ પાર્કમાં આવેલા અંબા માતાના મંદિરમાં રમતી હતી ત્યારે લોખંડનો ડેલો માથે પડતા ઈજા થતા સિવિલમાં ખસેડાઈ હતી. જયાં તેનું મૃત્યુ નિપજયું હતું. તાલુકા પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

## દેશી દારૂ બનાવવા માટે ઉપયોગમાં લેવાતા સડેલા ગોળનાં ૨૫ ડબ્બા કબ્જે

ચુનારાવાડચોકમાં આવેલા પાર્થ જીતેન્દ્ર કારીયા (રહે, ગોવર્ધન એવન્યુ એપાર્ટમેન્ટ, રેલનગર)ના શેડમાં ઝોન-૧ના ડીસીપીનાં એલસીબીનાં સ્ટાફે દરોડો પાડી દેશી દારૂ બનાવવા માંટે ઉપયોગમાં લેવાતા સડેલા ગોળનાં પચ્ચીસ ડબ્બા કબ્જે કર્યા હતાં. જેની કિંમત પોલીસે રૂા. ૯૦ હજાર ગણી છે. પોલીસે જણાવ્યું કે, એફએસએલનાં રીપોર્ટ બાદ ગુનો નોંધી આરોપીની ધરપકડની કાર્યવાહી કરવામાં આવશે.

## એજન્સીમાંથી ૩૧ હજારની ચોરી કરનાર ઝડપાયા

આજીડેમ ચોકડી નજીક આવેલી રાધેક્રિષ્ના સેલ્સ એજન્સીમાંથી રૂા. ૩૧ હજારના સામાનની ચોરી થયાની ફરિયાદ નોંધાયા બાદ આજી ડેમ પોલીસે તપાસ હાથ ધરી. આ ગુનામાં લખુ ઉર્ફે લખમણ ગોવિંદ ભેડા (રહે. દેવકીનંદન મ.પરા, આજી ડેમ ચોકડી પાસે)ને પકડી ચોરીમાં ગયેલો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આરોપી દુકાનદારને છેલ્લા ચારેક વર્ષથી ઓળખતા હોવાથી અવારનવાર તેની દુકાને જતો હતો. અને દુકાનદારના નિત્યક્રમથી તે વાકેફ હતા. દરમિયાન આરોપીએ દુકાને જઇ દુકાનના દરવાજાની અને શટરની ચાવી પૈકી એક -એક ચાવીઓ લઇ લીધી હતી. અને રાત્રે દુકાને જઇ ચોરી કરી હતી. દુકાનદારને શંકા જતા સામાન ચેક કરતા ચોરી થયાની જાણ થઇ હતી.

## દંપતી પર છરીથી હુમલો

રૈયાધારમાં રહેતો રાજેશ બીજલ ભોણીયા (ઉ.વ. ૪૨) અને તેની પત્ની રેખાબેન આજે તેના જ વિસ્તારમાં રાણીમા રૂડીમાં ચોક નજીક હતા ત્યારે પિયુષ રાવળદેવ, તેનો ભાણેજ લાલો, પિયુષના ત્રણેય ભાઇઓ અને અજાણ્યા પાંચેક શખ્સોએ તું કેમ તારા સાળા રાજુને મદદ કરે છે કહી ગાળો દઇ છરી, તલવાર અને પાઇપ વડે હુમલો કરી ઇજા કર્યાની યુનિવર્સિટી પોલીસમાં ફરિયાદ નોંધાઇ છે. આરોપી પીયુષને રાજેશના સાળા રાજુ સાથે અગાઉ માથાકૂટ થઇ હતી. જેમાં તે મદદ કરતો હોવાનો ખાર રાખી હુમલો કર્યો હતો.

## પડી જતા શ્રમિકનું મોત

મોટામવામાં લક્ષ્મીના ઢોળે રહેતા નાગજીભાઈ કરશનભાઈ સોરઠીયા (ઉં.વ.૪૪) આજે ગંગોત્રી પાર્ક મેઇન રોડ પર નવી બનતી વસંત નામની બિલ્ડીંગ પર ચોથા માળે મજૂરી કામ કરી રહ્યો હતો. ત્યારે પગ લપસતા અકસ્માતે પડી જતા સિવિલમાં ખસેડાયા હતા. જ્યાં તેનું મૃત્યુ નીપજ્યું હતું. યુનિ. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## બેરોજગારીથી કંટાળી આપઘાતનો પ્રયાસ

રાજકોટના થોરાળા વિસ્તારમાં યુવકે બેરોજગારીથી કંટાળી ફીનાઇલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જેમને બેભાન અવસ્થામાં સિવિલ હોસ્પિટલ ખાતાએ સારવારમાં ખસેડવામાં આવ્યો હતો. જે બાદ સિવિલ હોસ્પિટલ ચોકીના સ્ટાફે થોરળા પોલીસને જાણ કરી હતી અને પોલીસે હોસ્પિટલ આવી કાર્યવાહી કરી હતી. યુવકના પરિવારે જણાવ્યું હતું કે જયેશે ધો.૧૨ સુધીનો અભ્યાસ કરેલ છે. અને ઘણા સમયથી બેરોજગાર હતો. જે છેલ્લા ૧૫ દિવસથી અલગ અલગ કંપનીમાં ઇન્ટરવ્યુ દેવા માટે જતો હતો. જ્યાંથી જવાબ ન આવતા કંટાળીને તેને આ પગલું ભર્યું હતું. પોલીસે નિવેદન નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

## ખાનગી હોસ્પિટલની નર્સનો આપઘાતનો પ્રયાસ

રાજકોટ: શહેરના રણછોડનગર-૧૦માં આવેલી સરદાર ટ્રસ્ટ હોસ્પિટલમાં નર્સ તરીકે નોકરી કરતી પારૂલ વિઠ્ઠલભાઇ કાલરિયા નામની યુવતીએ ગઇકાલે ચાલુ નોકરીએ ઝેરી દવા પી લેતા સારવાર માટે હોસ્પિટલ ખસેડાઇ છે. બનાવની જાણ થતા હોસ્પિટલ દોડી ગયેલી બી ડિવિઝન પોલીસની તપાસમાં પારૂલ મૂળ સાયલાના કોરડા ગામની છે અને છેલ્લા બે વર્ષથી અહીંની ખાનગી હોસ્પિટલમાં નર્સ તરીકે નોકરી કરે છે. તેના ભાઇ-ભાભી રાજકોટ રહેતા હોય તેઓ પણ તુરંત દોડી આવ્યા હતા. બે ભાઇ, બે બહેનમાં વચેટ પારૂલે ક્યા કારણોસર પગલું ભર્યું તેનાથી ભાઇ રણજિતભાઇ અજાણ હોવાનું જાણવા મળ્યું છે.

# સતત પાંચમાં દિવસે વીજ ચેકિંગઃ રાજકોટમાં ધર્મેન્દ્ર રોડ, પરાબજાર, સહિત ૨૦ વિસ્તારમાં ૪૧ ટીમ ત્રાટકી





## ત્રણ દિવસમાં પોણા કરોડની વીજ ચોરી ઝડપાઈઃ સવારથી ૪ સબ ડિવિઝન વિસ્તારમાં ધોંસ : ભાવનગર અને અંજાર સર્કલમાં પણ દરોડાનો દોર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૨૨

રાજકોટ શહેરમાં આજે સતત પાંચમા દિવસે ધર્મેન્દ્ર રોડ, પરાબજાર, પટેલનગર સહિત ૨૦ વિસ્તારમાં પીજીવીસીએલ દ્વારા વીજ ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આજે વહેલી સવારથી પીજીવીસીએલની કોર્પોરેટ ટીમ દ્વારા સિટી સર્કલ ૧ ડિવિઝન હેઠળ આવતા પ્રહલાદ પ્લોટ, આજી ૧, મિલપરા અને આજી ઈન્ડસ્ટ્રીયલ ઝોન સબ ડિવિઝન વિસ્તારમાં અલગ અલગ ૪૧ ટીમ દ્વારા વીજ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. છેલ્લા ૪ દિવસમાં ૪૭૯ કનેકશનમાંથી ૯૫.૭૫ લાખની વીજચોરી ઝડપી પાડવામાં આવી છે.

રાજકોટ શહેરી વિસ્તારમાં વીજ ચેકિંગ અંગે સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આજે રાજકોટ શહેરમાં સતત પાંચમા દિવસે પ્રહલાદ પ્લોટ, આજી ૧, મિલપરા અને આજી ઇન્ડસ્ટ્રીયલ ઝોન સબ ડિવિઝન હેઠળ આવતા વિસ્તારમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. આજે વહેલી સવારથી અલગ અલગ ૪૧ ટીમો દ્વારા ધર્મેન્દ્ર રોડ બજાર, પરાબજાર, કનક નગર, અંબિકા સોસાયટી, પટેલનગર, સોરઠીયાવાડી, ખોડિયારપરા, ભરતનગર, ભીમરાવ નગર સહિત ૨૦ જેટલા વિસ્તારમાં વીજ ચોરી ઝડપી પાડવા કવાયત શરૂ કરવામાં આવી છે. જેમાં ૧૧ કેવીના ૪ ફીડર આવરી લેવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે, છેલ્લા ૪ દિવસથી શહેરના અલગ અલગ વિસ્તારોમાં પીજીવીસીએલની કોર્પોરેટ ટીમ દ્વારા ૪૬૧૪ કનેકશન ચેક કરી તેમાંથી ૪૭૯ કનેકશનમાંથી કુલ ૯૫.૭૫ લાખની વીજચોરી ઝડપી પાડવામાં આવી છે. જ્યારે પીજીવીસીએલ દ્વારા જુન મહિનામાં સૌરાષ્ટ્ર-કચ્છમાં વીજ ચેકિંગ દરમિયાન ૮૩,૨૨૧ વીજ જોડાણોની ચકાસણી કરવામાં આવી હતી. જેમાંથી કુલ ૧૦,૧૨૭ કનેકશનમાં ૨૮.૨૬ કરોડની ગેરરીતિ ઝડપાઇ હતી. તેમાં સૌથી વધુ રાજકોટ શહેરમાં ૧૨૯૩ કનેકશનમાંથી ૩૯૦.૫૭ લાખ અને રાજકોટ ગ્રામ્યમાં ૧૦૫૭ કનેકશનમાંથી ૩૨૬.૨૨ લાખની વીજચોરી ઝડપી પાડવામાં આવી છે. રાજકોટમાં સતત પાંચ દિવસથી વીજ ટીમો દરોડા પાડી રહી છે, રોજ બેફામ વીજચોરી ઝડપાઇ રહી છે. તંત્ર વિચારમાં પડી ગયુ છે, આટલું ચેકીંગ છતાં લોકો વીજચોરી કરી રહ્યા છે. વીજચોરી ઝડપાય તો સીધી પોલીસ ફરીયાદ દાખલ થાય તો જ આ દૂષણ અટકશે. તેમ ઉચ્ચ અધિકારીઓ માની રહ્યા છે. આજે પણ ૪૧ ટીમો ચાર સબ ડિવિઝનમાં ત્રાટકી છે.

### રાષ્ટ્રીય કક્ષાના કોચ દ્વારા મૂલ્યાંકન કરાશે

# રવિવારે સરદાર પટેલ સ્નાનાગર ખાતે સ્વિમિંગ સ્પર્ધા

## ૫ વર્ષથી ૭૧ વર્ષ સુધીના ૪૫૦ થી વધુ ખેલાડીઓ પોતાનું કૌવત બતાવશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૨

સૌરાષ્ટ્રની રમત-ગમત પ્રિય જનતા માટે અગામી તા.૨૪ને રવિવારના રોજ એક ભવ્ય તરણ સ્પર્ધા ઓપન સૌરાષ્ટ્ર સ્વિમિંગ ચેમ્પિયનશીપ-૨૨ નું આયોજન ધ ફ્યુચર સ્ટાર સ્પોર્ટ કલબ દ્વારા રાજકોટ કોઠારિયા રોડ સ્થિત શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ સ્નાનાગાર ખાતે કરવામાં આવેલ છે. ઓપન સૌરાષ્ટ્ર સ્વિમિંગ ચેમ્પિયનશીપ-૨૨ જેમાં રાજકોટ તથા રાજકોટથી બહારના પણ ખેલાડી ભાઈઓ તથા બહેનો ભાગ લેવા આવશે.



વિવિધ એઈજ ગ્રુપમાં તરણ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે, જેના એઈજ ગ્રુપ (૧) ૧૧ વર્ષથી નાના ખેલાડી ભાઈઓ તથા બહેનો માટે ૫૦ મી. કીકીગ બોર્ડ, ૫૦ મી. ફ્રી સ્ટાઇલ, ૧૦૦ મી. ફ્રી સ્ટાઇલ, (૨) ૧૭ વર્ષથી નાના ખેલાડી ભાઈઓ તથા બહેનો માટે ૫૦ મી. ફ્રી સ્ટાઇલ, ૫૦ મી. બેક સ્ટ્રોક, ૫૦ મી. બટર ફલાઈ, ૫૦ મી. બ્રેસ્ટ સ્ટ્રોક, ૧૦૦ મી. ફ્રી સ્ટાઇલ, ૪૫૦ ફ્રી સ્ટાઇલ રીલે (૩) ૨૫ વર્ષથી નાના ખેલાડી ભાઈઓ તથા બહેનો માટે ૫૦ મી. ફ્રી સ્ટાઇલ, ૫૦ મી. બેક સ્ટ્રોક, ૫૦ મી. બટર ફલાઈ, ૫૦ મી. બ્રેસ્ટ સ્ટ્રોક, ૧૦૦ મી. ફ્રી સ્ટાઇલ, ૪૪૫૦ ફ્રી સ્ટાઇલ રીલે (૪) ૪૦ વર્ષથી નાના ખેલાડી ભાઈઓ તથા બહેનો માટે ૫૦ મી. ફ્રી સ્ટાઇલ, ૫૦ મી. બેક સ્ટ્રોક, ૫૦ મી. બટર ફલાઈ, ૫૦ મી. બ્રેસ્ટ સ્ટ્રોક, ૧૦૦ મી. ફ્રી સ્ટાઇલ, ૪૫૦ ફ્રી સ્ટાઇલ રીલે, (૫) ૬૦ વર્ષથી નાના ખેલાડી ભાઈઓ તથા બહેનો માટે ૫૦ મી. ફ્રી સ્ટાઇલ, ૫૦ મી. બેક સ્ટ્રોક, ૫૦ મી. બટર ફલાઈ, ૫૦ મી. બ્રેસ્ટ સ્ટ્રોક (૬) ૬૦ વર્ષથી ઉપરના ખેલાડી ભાઈઓ તથા બહેનો માટે ૫૦ મી. ફ્રી સ્ટાઇલ, ૫૦ મી. બેક સ્ટ્રોક, ૫૦ મી. બટર ફલાઈ, ૫૦ મી. બ્રેસ્ટ સ્ટ્રોક આમ કુલ ૬ એઈજ ગ્રુપમાં અંદાજીત ૪૫૦ થી વધુ ખેલાડીઓ જેમાં ૫ વર્ષથી લઈને ૭૧ વર્ષ સુધીના ભાઈઓ બહેનો ખેલાડીઓ ભાગ લેશે અને પોતાનું તરણ કૌવત બતાવશે. તરણ સ્પર્ધામાં અલગ-અલગ સ્ટાઈલ મુજબ અલગ-અલગ કુલ ૫૮ પ્રકારની વિવિધ સ્પર્ધાઓ રહેશે.

વિવિધ પ્રકારની કુલ ૬ એઈજ ગ્રુપમાં ૫ ૨ સ્પર્ધા તથા ૬ રીલે સ્પર્ધા રહેવાની છે. વિજેતા ખેલાડી ભાઈઓ તથા બહેનોને દરેક સ્પર્ધામાં પહેલો નંબર મેળવનારને રૂ.૧૫૦૦, બીજો નંબર મેળવનારને રૂ.૧૦૦૦ તથા ત્રીજો નંબર મેળવનારને રૂ.૫૦૦ નું રોકડ પુરસ્કાર તથા મેડલ સર્ટિફિકેટ આપવામાં આવશે.

આ સ્પર્ધાને સફળ બનાવવા કેવલ રાઠોડ, દીવ્યરાજસિંહ જાડેજા, જીજ્ઞેશ રામાવત, અંકિત સાવલિયા, મોહમદ ઈન્દોરવાલા, રાકેશ મકવાણા, રણમલરાજ પાંડવ, જીજ્ઞેશ રાવલ, મૌલિક કોટીચા, સાગર કક્કડ, યોગીની રાવલ, ભાવના સાદાત, નચિકેત મકવાણા, અમિત સોરઠીયા, સિદ્ધાર્થ કામબલીયા, દિલીપ હપલિયા, જય લોઢીયા, અવની સાવલિયા, માધવ ભટ્ટ, વિક્રમ રાઠોડ, પિંકેશ ભોલા, પાયલ કાચા, મોહિત કંડોલિયા, ધનંજય ચતુર્વેદી, ભાગવત શર્મા વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે. તેમ જણાવ્યું છે.(૧૩.૧૧)

# રાષ્ટ્રપતિ પદે દ્રોપદી મુર્મુજીની ભવ્ય જીતને આતશબાજી યોજી વધાવતું શહેર ભાજપ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૨

દેશના રાષ્ટ્રપતિ પદે ઓડીશાના એન.ડી.એ.ના આદીવાસી નેતા દ્રોપદી મુર્મુની ભવ્ય જીત થઈ છે અને દેશના પંદરમાં રાષ્ટ્રપતિ તરીકે દ્રોપદી મુર્મુ શપથ લઈ રહ્યા છે ત્યારે દ્રોપદી મુર્મુની આ ભવ્ય જીતને શહેર ભાજપ દ્વારા શહેરના કિસાનપરા ચોક ખાતે આતશબાજી યોજી વધાવવામાં આવી હતી. આ તકે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ ઉદય કાનગડ, મેયર ડો. પ્રદીપ ડવ, મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર તેમજ કશ્યપ શુકલ, ડો. દર્શીતાબેન શાહ, કાશ્મીરાબેન નથવાણી, પુષ્કર પટેલ, સુરેન્દ્રસિંહ વાળા સહિતના સાથે શહેર ભાજપની તમામ શ્રેણીના કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા શહેર ભાજપ કાર્યાલય મંત્રી હરેશ જોષીએ જહેમત ઉઠાવી હતી.

# શહેર ભાજપ દ્વારા પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલનું સર્કિટ હાઉસ ખાતે સ્વાગત કરાયું



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૨

ગોંડલ ખાતે વન ડે વન ડિસ્ટ્રીકટ અંતર્ગત યોજાયેલા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા માટે પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલ રાજકોટ ખાતે પધારેલ ત્યારે સર્કિટ હાઉસ ખાતે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી દ્વારા ખેસ પહેરાવી ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. આ તકે સાંસદ રામભાઈ મોકરીયા, પ્રદેશ ભાજપ મહામંત્રી વિનોદભાઈ ચાવડા, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરા, ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયા, જિલ્લા ભાજપ પ્રમુખ મનસુખભાઈ ખાચરીયા, શહેર ભાજપ મહામંત્રી જીતુ કોઠારી, નરેન્દ્રસિંહ ઠાકુર, રાજુભાઈ ધ્રુવ, વિક્રમ પુજારા, કિશન ટીલવા, ઘનશ્યામભાઈ ગોહિલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.(૧.૪)


### જૈન પરિવારનું પ્રેરણાદાયી કાર્ય

# દિવંગત બિંદુબેન શાહના ચક્ષુદાન થકી બે દ્રષ્ટિહીન બાંધવોને દ્રષ્ટિદાન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૨

મૃત્યુબાદ ચક્ષુદાન, દેહદાન,ત્વચા દાન માટે સમગ્ર ભારતમાં જાગૃતિ લાવવા કાર્ય કરતી આંતર રાષ્ટ્રીય સંસ્થા જૈન સોશિયલ ગ્રુપની આઇ ડોનેશન કમિટી દ્વારા હાલમાં જૈન પરિવારના સ્વ.કું. બિંદુબેન કાંતિલાલ શાહ (જીબુટીવાળા) રાજકોટનું તા.૨૧ ના રોજ અવસાન થતાં તેના માતૃશ્રી નીલાબેન શાહના સહકારથી સદગત કું. બિંદુબેન શાહના ચક્ષુઓનું દાન કરી



બે નેત્રહીન વ્યક્તિઓને દ્રષ્ટિદાન અપાયું છે. આ માટે રાજકોટ સિવિલની આંખની હોસ્પિટલના ડો.અંકિતભાઈ

**જૈન સોશિયલ ગ્રુપ આઈ ડોનેશન ડાઈવ દ્વારા ૨૨મું ચક્ષુદાન**

મહેશ્વરી તથા ડો નેહાબેન મિત્તલ દ્વારા ખૂબજ સરસ સહકાર આપવામાં આવેલ. રાજકોટ માં ૨૪×૭ ચક્ષુદાન કરવા માટે જે.એસ.જી. આઇ ડોનેશન કમિટીના ઉપેનભાઈ મોદી (મો.નં.૯૮૨૪૦ ૪૩૧૪૩) નો સંપર્ક કરવો. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩)

# રાજકોટ જિલ્લામાં લમ્પી વાયરસના કુલ ૧૨૬ કેસ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૨



રાજકોટ જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરીના જણાવ્યા મુજબ જિલ્લામાં લમ્પી વાયરસના અત્યાર સુધી ૧૨૬ કેસ નોંધાયા છે. જિલ્લાના ૪ તાલુકામાં પડધરી, લોધિકા, ગોંડલ, રાજકોટમાં અને ૨૬ ગામડાઓમાં કેસનું પ્રમાણ વધુ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૨૪૮૦૦ પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું છે. અત્યારે ૬ હજાર રસીના ડોઝ ઉપલબ્ધ છે અને ગુજરાતમાં ૮ લાખ રસીના ડોઝ આપવાના છે. તેમાંથી જિલ્લાને જરૂર પડે તેટલા ડોઝ આપવામાં આવશે. પશુઓનાં મૃત્યુ પછી s.o.p આવ્યા બાદ કેટલા પશુઓ લમ્પી વાયરસથી મૃત્યુ પામ્યા છે. તેમ જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરીએ જણાવ્યું છે.

## રાષ્ટ્રપતિપદ માટે ચૂંટાયેલા દ્રૌપદી મુર્મુને અભિનંદન આપતા મોરારીબાપુ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

તલગાજરડા, તા.૨૨

દ્રૌપદી મુર્મુ, ભારતની પુત્રી અને પ્રથમ આદિવાસી મહિલા કે જેઓ ભારતના ૧૫માં મહારાણીના રાષ્ટ્રપતિ પદ માટે ચૂંટાયા છે. એક સાધુ તરીકે હું ખૂબ જ ખુશ છું અને અંગત રીતે હું ગર્વ અનુભવું છું. શ્રી હનુમાનજીના ચરણોમાં પ્રાર્થના કરૂં છું કે તમને દેશની મહાન સેવા કરવાની શક્તિ મળે અને સમગ્ર રાષ્ટ્રને તેનું ફળ મળે.(૧૩.૧૧)

# વર્લી ફીચરનો જુગાર રમાડનાર આરોપીનો નિદોર્ષ છુટકારો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૨

રાજકોટ શહેરમાં રેયાધાર વિસ્તારમાં રહેતા કેતનભાઈ રમેશભાઈ પાણાખાણીયા, કે જેઓ જાહેરમાં આવતા જતાં માણસો પાસેથી વર્લી ફીચરના આંકડા લખી જુગાર રમી રમાડતા મળી આવતા શિક્ષાપાત્ર ગુન્હામાં અદાલતે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરમાવેલ છે.કેસની ટૂંકમાં હકિકત એવી છે કે, ફરિયાદી પો.સ્ટેશનનાં સ્ટાફના માણસો પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન સયુંકત ખાનગી રાહેની કિકત મળેલ કે, ૧૫૦ ફુટ રીંગ રોડ રૈયા ટેલીફોન પાસે ખુણા પર એક ઈસમ આવતા જતા ગ્રાહકો માણસો પાસેથી વર્લી ફીચરનાં આકડાં લખી વર્લી મટકાનો જુગાર રમાડે છે હકિકત મળતા તુરંત જ હકિકતવાળી જગ્યાની નજીક આવી આરોપીને પકડી પાડેલ અને ઝડતી કરતા તેની પાસેથી એક ડાયરીનું લીટીવાળું પાનુ તથા આંકડા લખેલ હોય અને એક બોલપેન તથા રોકડા રૂા. ૪૭૦૦ મળી આવેલ હોય સાથેના પંચનામાની વિગતે મુદામાલ કબ્જે કરીને આરોપીની સામે પુરતો પુરાવો જણાંતા અટક કરવામાં આવેલી હતી. ત્યારબાદ આ કામના આરોપી વિરૂધ્ધ જુગારધારા મુજબનો ગુન્હો કર્યા સંબંધે એફ.આઈ.આર. ગ્રાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવેલ હતી.

આ કેસમાં ચાર્જશીટ થયા બાદ કેસ બોર્ડ પર આવતા રાજકોટના મહે. એડી. ચીફ. જયુ. મેજી. સમક્ષ ચાલી જતાં ફરિયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નહિ તેમજ આ કેસના આરોપી તરફે રોકાયેલ એડવોકેટ અજય એમ. ચૌહાણ મારફત કરવામાં આવેલ દલીલોને નેકલક્ષમાં લઈને અદાલતે આ કામનાં આરોપીને જુગારધારાના કલમ-૧૨(અ) મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ છે.

આ કેસમાં આરોપી તરફે એડવોકેટસ અજય એમ. ચૌહાણ, ડેનિશ જે. મહેતા, તથા તુષાર ડી. ભલસોડ રોકાયેલ હતા.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

## વડોદરાવાસીઓ પુર નહીં, મગરમચ્છોથી ભયભીત

અન્ય કોઈ ચીજ-વસ્તુઓ લેવી હોય તો પણ બોટમાં બેસીને જવું પડે છે. જો પાણીમાં ચાલીને જાય તો મગર તાણી જવાનો કે મગર શરીરે બટકું તોડી લ્યે તેવો ભય સતત ઝળુંબતો રહે છે. વડસરમાં આવેલી કાસા રેસીડેન્સી સહિતની નદીકાંઠાની અનેલ કોલોનીના રહેવાસીઓ મગરમચ્છોના ભયને કારણે નીચે ઉતરી શકતા નથી. આવી એક સોસાયટીના રહેવાસીઓએ જણાવ્યું હતું કે, મગરમચ્છ ઘરના દરવાજા સુધી આવી જતા હોય છે. તમામ રસ્તા પર જળભરાવ થઇ જતા મગરો ચારેતરફ તરતા દેખાઈ છે. પરિણામે અમારે બોટ બોલાવવી પડે છે તો જ બહાર નીકળી શકાય છે. આ વર્ષે પણ ચોમાસામાં જળબંબાકાર વખતે આવી જ હાલત થઇ હતી. મનપા અને રાહત બચાવ ટુકડીઓએ અલગ- અલગ રહેણાંક વિસ્તારમાંથી ૧૫ થી વધુ મગરનું રેસ્ક્યુ કરી વિશ્વામિત્રી નદીનાં મધ્યમાં જઈ છોડી મુક્યા હતા.(૨.૧૨)

## બુંદેલખંડમાં ૧૫ હજાર કરોડનો માર્ગ પાંચ દિવસમાં ભાંગીને ભુક્કો..!!

હાઈ-વેની કામગીરી સામે ગંભીર પ્રશ્નાર્થ ઉભા થયા છે. હાઈ-વેનું નિર્માણ રાજસ્થાનની એક જાણીતી ગાવર કંપનીએ કર્યું હતું. હાઈ-વે બનાવવામાં ખૂબ જ ખ્યાતનામ ગણાતી કંપનીએ કામ કર્યું હોવા છતાં હાઈ-વે પહેલા જ વરસાદમાં ફસકી જતા ભારે ચર્ચા ઉભી થઇ છે અને કંપનીની કામગીરી સામે ગંભીર પ્રકારના સવાલો ઉભા થયા છે. સ્થાનિક તંત્રમાં તો રીતસર ખળભળાટ મચી ગયો છે. હવે આ કંપની સામે કોઈ કડક કાર્યવાહી કરવામાં આવે છે કે કેમ એ જોવાનું રહે છે. આવી જ ખરાબ દશા જંગી ખર્ચે નિર્માણ પામેલા મેરઠ એક્સપ્રેસ હાઈ-વેની થઇ ગઈ હોવાનું જાણવા મળ્યું છે. થોડાક વરસાદમાં જ મેરઠ હાઈ-વે પર જળબંબાકાર થયો છે અને મોટા ખાડા પડી ગયા છે. એટલે હાઈ-વે રસ્તો મટીને તળાવ જેવો થઇ ગયો છે.(૨.૧૨)

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

## રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં તબીબી હડતાલઃ ખાનગી હોસ્પિટલો સુમસામ

ધરણા કે દેખાવોનો કાર્યક્રમ નથી. દરેક ખાનગી હોસ્પિટલમાં આઈસીયુ ગ્રાઉન્ડ ફ્લોર પર જ હોવા જોઈએ અને બારીના કાચ દૂર કરી દેવા જોઈએ. એવા સરકારના નવા નિયમોને કારણે તબીબોમાં રોષ ફેલાયો છે. તબીબો કહે છે કે આવી જોગવાઈઓનો કોઈ વૈજ્ઞાનિક આધાર નથી. નવા નિયમ અંગે એસોસિએશન કે કોઈ શાખાને અગાઉથી સરકારે સાંભળ્યા નથી. આગની ઘટનાઓ રોકવા તમામ હોસ્પિટલો તૈયાર છે પણ અમારો વિરોધ સરકારનાં એકપક્ષીય આદેશો સામે છે. રાજકોટમાં આજે એવી પરિસ્થિતિ જોવા મળી રહી છે કે, શહેરના તમામ ખાનગી દવાખાનાને તાળા લાગી ગયા છે. લતાઓમાં કલીનીક ખોલીને સેવા કરનારા તબીબોના દવાખાના પણ બંધ છે. પરિણામે લોકો ભારે હાડમારીમાં મુકાયા છે. એટલે શહેરના દરેક માર્ગો દર્દીઓ માટે સિવિલ તરફ જ જતા હોય એવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે અને રાજકોટની સિવિલ હોસ્પિટલ દર્દીઓથી ઉભરાઈ રહી છે. ઓપીડી અને ઈમરજન્સી સેવાઓના દરવાજે લાંબી- લાંબી કતારો જામી ગઈ છે. દવાબારી ઉપર અને કેસબારી પર પણ માઈલોલાંબી કતારો લાગી ગઈ છે.(૨.૧૨)

## ૭.૬૪ લાખનું ૭૬.૪૫ ગ્રામ ડ્રગ્સ સાથે ડ્રગ્સ પેડલર પિતા-પુત્ર ઝડપાયા

મામલે ગત વર્ષે રાજકોટ ક્રાઇમ બ્રાન્ચે રેસકોર્સ નજીક હોટલમાંથી ધરપકડ કરી હતી. રાજકોટ ક્રાઇમ બ્રાન્ચમાં તે NDPS અને પ્રોહિબિશનના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂક્યો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. હાલ એસઓજી પોલીસે આરોપી પિતા-પુત્રની ધરપકડ કરી વધુ તપાસ અર્થે રાજકોટ કુવાડવા પોલીસને સોંપી રિમાન્ડ મેળવવા માટે તજવીજ હાથ ધરી છે.

## રાજકોટમાં કોંગ્રેસ કાર્યકરોની ટીંગાટોળી કરી અટકાયત

અને કાર્યકરોની ટીંગાટોળી કરી અને લઇ ગયેલ. ભાજપનાં ઇશારે સોનિયા ગાંધીને ઇડી મારફતે ખોટી રીતે સંડોવવાનો પ્રયાસ હોવાનાં આક્ષેપ સાથે રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ પ્રદિપ ત્રિવેદી અને મહેશ રાજપુતની આગેવાની હેઠળ વિશાળ સંખ્યામાં કાર્યકરો અને આગેવાનો જીલ્લા પંચાયત ચોક ખાતે એકત્ર થયા હતા. સુત્રોચ્ચાર અને ધરણા ઉપર બેસી જતા એક તબકકે વાતાવરણ ઉગ્ર બની જતા રાજકોટ શહેર પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઇ હતી. અને કાર્યકરોને ટીંગાટોળી કરી અને લઇ ગયેલ. ત્યારે કાર્યકરો દ્વારા ભાજપ વિરોધી સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.

## માત્ર વોટ્સએપમાં દરરોજ ૩૦-૩૫ ફરિયાદો મળી, અન્ય તો અઢળક હશે

# રાજકોટ મનપા સમક્ષ ત્રણ મહિનામાં લોકોએ ઠાલવી ૨,૮૯૯ ફરિયાદો

## ૮૦ ટકા ફરિયાદનો સપ્તાહમાં નિકાલ થયાનો દાવો, પણ મોટાભાગે કાયમી ઉકેલના બદલે તકલાદી નિરાકરણ કર્યાનો કચવાટ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૨

રાજકોટ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા ગત ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૨૨ થી 'મનપા ઓન વોટ્સએપ' નામે નવતર સર્વિસ ચાલુ કરવામાં આવી છે. જેમાં લોકોને ઓનલાઈન વેરો ભરવા ઉપરાંત જન્મ-મરણ અને લગ્ન નોંધણી પ્રમાણપત્ર પણ મળી રહે એવી ૧૭૫ જેટલી સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. સાથે-સાથે જ ફરિયાદ બોકસ પણ રાખવામાં આવ્યું છે. જેમાં છેલ્લા ત્રણ મહિનામાં જ અધધ ૨,૮૯૯ ફરિયાદો લોકોએ ઠાલવી છે. જો કે, તેમાંથી કેટલી ફરિયાદોનો સુયોગ્ય રીતે ઉકેલ લાવવામાં આવ્યો હશે? એ હકીકત ફરિયાદી જ જાણતા હશે.

મહાપાલિકાની તાજેતરની જનરલ બોર્ડ બેઠકમાં વોટર વર્કસ સમિતિના ચેરમેન દેવાંગભાઈ માંકડે પ્રશ્ને પુછયો હતો કે, 'રાજકોટ મનપા હસ્તકની વોટ્સએપ સુવિધામાં ત્રણ માસમાં કેટલી ફરિયાદો નોંધાઈ? કયા-કયા વિભાગોની?'

અધુરા કહી શકાય એવા સવાલના જવાબમાં મ્યુનિ.કોર્પોરેશનની આઈ.ટી. શાખાએ જવાબ આપ્યો છે કે, 'રાજકોટ મહાનગરપાલિકાને વોટ્સએપ પ્લેટફોર્મના માધ્યમથી છેલ્લા ત્રણ માસ એટલે કે તા.૧૨-૪-૨૦૨૨ થી તા.૧૧-૭-૨૦૨૨ દરમિયાન અલગ-અલગ ૨,૮૯૯ ફરિયાદો મળી છે.' જો કે, કેટલી ફરિયાદોનો સમયસર ઉકેલ લાવવામાં આવ્યો? એવો પ્રશ્ન જ પુછાયો નહીં, એટલે મનપા તંત્રને જવાબ આપવો પડે એવી સ્થિતિ જ ઉદ્ભવી નહીં. આમ છતાં અગાઉ મનપાના પદાધિકારી દાવો કરી ચૂકયા છે કે, વોટ્સએપ ઉપરાંત રૂબરૂ, ટપાલ, મારફત, ટેલિફોન મારફત, આવેદનપત્રો મારફત, અન્ય ઓનલાઈન પ્લેટફોર્મ મારફત વગેરે મ્યુનિ. કોર્પોરેશનને દરરોજ અઢળક ફરિયાદો મળી રહી છે. જેમાંથી ૮૦ ટકા ફરિયાદોનો સપ્તાહમાં નિકાલ કરી દેવામાં આવે છે. જેની સામે અરજદારો એવો કચવાટ ઠાલવતા જોવા મળ્યા છે કે, મનપા તંત્ર દ્વારા મોટાભાગની ફરિયાદોનો કાયમી અને યથાયોગ્ય ઉકેલ લઈ આવવાના બદલે ક્ષણિક કે તકલાદી નિરાકરણ લાવીને 'તમારી ફરિયાદનો સફળતાપૂર્વક નિકાલ થઈ ગયો છે.' ના મેસેજ મોકલી આપવામાં આવે છે. ઉભરાતી કે બ્લોક ગટર હોય કે કચરો-ગંદકી, પાણી વિતરણ, સ્ટ્રીટલાઈટ, તૂટેલા ગટરના ઢાંકણા જેવી ફરિયાદો હોય... થૂંકના સાંધા મારવા જેવું જ કામ કરવામાં આવે છે. જેથી ખરી ફરિયા તો અણઉકેલ જ રહે છે.

મ્યુનિ. કોર્પોરેશનના આઈ.ટી. વિભાગે ત્રણ મહિનામાં મળેલી ૨,૮૯૯ ફરિયાદોનો આંકડો આપ્યો છે. તેમાં સૌથી વધુ ડ્રેનેજ (ગટર) છલકાવા કે બ્લોક થઈ જવાની ૬૪૩ ફરિયાદો સમાવિષ્ટ છે. બીજા નંબરે કચરો અને ગંદકી અંગેની ૫૯૯ ફરિયાદો તથા ત્રીજા ક્રમે પાણી વિતરણમાં ધાંધીયા અંગેની ૪૮૭ ફરિયાદો મળી છે. આ ઉપરાંત રોશની શાખાને સ્ટ્રીટલાઈટ બંધ થવા સહિતની ૨૮૬ ફરિયાદો કરવામાં આવી છે. અન્ય ફરિયાદોમાં બાંધકામ, ઓનલાઈન પેમેન્ટ, ગટર જાળવણી, વેરા વસુલાત, દબાણ, પશુ મૃતદેહ, પશુ ત્રાસ, વોંકળા, સિટી બસ, શ્વાનનો ત્રાસ, ટ્રાફિક, આવાસ યોજના વગેરેનો સમાવેશ થાય છે.

નોંધનીય છે કે, ગત તા.૨૫મી ફેબ્રુઆરીએ 'મનપા ઓન વોટ્સએપ' સેવા ચાલુ થયા બાદ દોઢ મહિનામાં ૧૬૪૭ ફરિયાદો આવી હતી. ત્યારબાદના ત્રણ મહિનામાં ૨૮૯૯ ફરિયાદો આવી છે.

## સૌથી વધુ ભૂગર્ભ ગટરની ૬૪૩ ફરિયાદો મળી, કચરો, ગંદકી, પાણી, સ્ટ્રીટલાઈટના પ્રશ્નો પણ નોંધપાત્ર

## ફરિયાદ કરવાનું સાવ સરળ, પણ ૯૭ ટકા લોકો અજાણ

રાજકોટ મ્યુનિ. કોર્પોરેશનને સંલગ્ન કોઈપણ ફરિયાદ કરવાનું સાવ સરળ છે. પણ તેની પધ્ધતિથી ૯૭ ટકા લોકો અજાણ છે. તેમ ખુદ મનપા તંત્ર કહે છે. ગટર, પાણી, ગંદકી, સ્ટ્રીટલાઈટ, પશુ મૃતદેહ, દબાણ, પશુ ત્રાસ, મચ્છર-જંતુ ઉપદ્રવ, આરોગ્ય વગેરેની ફરિયાદ મનપા કચેરીએ રૂબરૂ જઈને લેખિતમાં આપીને જ કરી શકાય એવું નથી. વ્હોટ્સઅપ નંબર ૯૫૧૨૩ ૦૧૯૭૩ ઉપર ફકત **'Hi'** લખીને પણ ફકત એક મિનિટમાં ફરિયાદ કરી શકાય છે. એ જ રીતે ૩૬૫ દિવસ ૨૪ કલાક કોલ સેન્ટર નં.૨૪૫૦૦૭૭ પણ કાર્યરત છે. જેમાં **www.gov.in** વેબસાઈટમાં પણ કન્ટલેઈન રજીસ્ટર કરાવી શકાય છે અને મનપાની મોબાઈલ એપ્લીકેશન પણ છે.

### ત્રણ મહિનાની વિભાગવાર ફરિયાદો

| વિભાગ/સમસ્યા | ફરિયાદ |
|---|---|
| ડ્રેનેજ (ગટર) સમસ્યા | ૬૪૩ |
| કચરો કે ગંદકી | ૫૯૯ |
| પાણી વિતરણ | ૪૮૭ |
| રોશની શાખા | ૨૮૬ |
| બાંધકામ શાખા | ૧૭૪ |
| ઓનલાઈન પેમેન્ટ | ૧૫૮ |
| ગટર જાળવણી | ૧૪૮ |
| વેરા શાખા | ૭૪ |
| દબાણ હટાવ શાખા | ૬૮ |
| બગીચા શાખા | ૫૧ |
| ટાઉન પ્લાનિંગ | ૩૪ |
| પશુ મૃતદેહ | ૨૫ |
| પશુ ઉપદ્રવ-ત્રાસ | ૨૨ |
| વોકળા પ્રશ્ન | ૨૨ |
| સિટી બસ | ૧૬ |
| શ્વાનનો ત્રાસ | ૧૫ |
| મેલેરીયા શાખા | ૧૪ |
| આવાસ યોજના | ૧૮ |
| ટ્રાફિક સેલ | ૧૨ |
| સ્પોર્ટસ વિભાગ | ૧૦ |
| અન્ય | ૨૩ |
| કુલ | ૨,૮૯૯ |

### રાજસ્થાનની ધન્યધરા ભાદરેશ ગામે ભવ્ય આયોજન

## મહાત્મા ઈસરદાસ બારહટનો જન્મોત્સવ ઉજવાશે



### ઈસરદાસ મંદિરે તા.૨૯ મી એ રાત્રે જાગરણ, તા.૩૦ મી એ હવન-મહાઆરતી-વિચારગોષ્ઠિ-મહાપ્રસાદ વગેરે યોજાશે

ભાદરેશ(રાજસ્થાન) તા.૨૨

રાજસ્થાનના બાડમેર જિલ્લાની ધન્યધરા ભાદરેશ ગામે ચારણકૂળ ચિંતામણી, ઈસરા સો પરમેશરાના બિરૂદથી વિભૂષિત પૂજ્ય મહાત્મા શ્રી ઈસરદાસજી બારહટના ૫૬૪ માં જન્મોત્સવની વિક્રમ સંવત ૨૦૭૯ શ્રાવણ સુદ-૨ ને તા.૩૦ મી એ શનિવારે ભકિતભાવ સાથે ઉજવણી કરવામાં આવશે.

ભાદરેશ તીર્થના શ્રી ઈસરદાસ મંદિર ખાતે શ્રી ઈસરા સો પરમેશરા હરિરસ ન્યાય અને મહાત્મા ઈસરદાસ વિકાસ સંસ્થાન આયોજીત મહાત્મા ઈસરદાસ બારહટ જયંતિ સમારોહમાં તા.૨૯ મી એ શુક્રવારે રાત્રે ૮ વાગ્યાથી જાગરણ યોજાશે. જયારે તા.૩૦ મી એ શનિવારે સવારે ૭ થી ૮:૩૦ વાગ્યા સુધી હવન અને મહાઆરતી, સવારે ૯ થી ૧૧ વાગ્યા સુધી વિચારગોષ્ઠિ અને ચર્ચા તથા બપોરે ૧૧ વાગ્યાથી ૨ વાગ્યા સુધી મહાપ્રસાદ યોજાશે.

આ પાવન પ્રસંગે પૂજ્ય આઈશ્રી કંકુકેશર માં (ગઢવાડા, રાજસ્થાન), બાડમેરના ધારાસભ્ય મેવારામ જૈન, ભાદરેશના અગ્રણી વિરેશ દેવરમાની, કલેકટર ઉમ્મેદસિંહ રત્નુ વગેરે મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહેશે.

## મઢડા સુધીનો રસ્તો પહોળો બનાવો

### જૂનાગઢ જિલ્લા પંચાયતના પ્રમુખ શાંતાબેન ખટારીયા દ્વારા ગાંધીનગર સુધી રજૂઆત

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

જૂનાગઢ, તા.૨૨

કેશોદના વિખ્યાત મઢડાધામ જવાનો રસ્તો સાંકડો હોવાથી વહેલી તકે ભાવિકજનોની સગવડતા માટે પહોળો કરી આપવા જૂનાગઢ જિલ્લા પંચાયતના પ્રમુખ શાંતાબેન દિનેશભાઇ ખટારીયા દ્વારા ગાંધીનગર ખાતે માર્ગ અને મકાન વિભાગના મંત્રી પૂર્વેશ મોદીને રજૂઆત કરવામાં આવી છે.

રજૂઆતમાં તેમણે જણાવ્યું છે કે, જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના મઢડા ગામે પ્રખ્યાત સોનલધામ આવેલું છે. મંગલપુર ગામથી મઢડા ગામ સુધીનો રસ્તો બિસ્માર હાલતમાં હોય જે તાત્કાલિક પેચવર્ક કરવામાં આવે તથા મઢડા ગામ એટલે કે માં સોનલધામ અને અઢારે વર્ણના લોકો દર્શને આવતા હોય તથા સોનલ બિજના દિવસે પણ ખૂબજ ટ્રાફિકની સમસ્યા રહેતી હોય તો આ રસ્તો મંગલપુરથી મઢડાધામ સુધીનો રસ્તો સિંગલ પટ્ટી છે તેને ડબલ પટ્ટી કરવામાં આવે તેવી અરજ છે. સોનલધામને પ્રવાસન યાત્રાધામમાં સમાવેશ કરી તમામ સુવિધાઓ દર્શનાર્થીઓને મળે તેવી પણ કરવામાં આવી છે.

### મજૂરીના પૈસા લેવા ગયેલા ૪ કારીગર પર હુમલો

રાજકોટઃ અન્ય બનાવમાં ઈમિટેશનનું મજૂરીકામ કરતા બે મહિલા સહિત ચાર બંગાળી કારીગરો મજૂરીના પૈસાની ઉઘરાણીએ જતાં તેના શેઠ સહિત પાંચ શખ્સે ઘરમાં પૂરી ધોકા, પાઇપથી હુમલો કર્યો હતો. હુમલામાં ઘવાયેલા ચારેયને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. મોરબી રોડ પરના રાધિકાપાર્કમાં રહેતા રોશનબેન નાસીરભાઇ મુન્સી, આલિયાબેન અબુભાઇ શેખ, અબુ મુનીરભાઇ શેખ તથા હબીબ રોશનઅલી શેખ ઇજાગ્રસ્ત હાલતમાં હોસ્પિટલમાં ખસેડાયા હતા, બનાવની જાણ થતાં પોલીસ દોડી ગઇ હતી. ઇજાગ્રસ્તોએ પોલીસ સમક્ષ કહ્યું હતું કે, પોતે ઇમિટેશનની મજૂરીનું કામ કરે છે, મજૂરીના નીકળતા રૂ.૪૩ હજારની અનેક વખત ઉઘરાણી કરવા છતાં ક્રિષ્નાપાર્ક સોસાયટીમાં રહેતો હમીદ શેખ પૈસા આપતો નહીં હોવાથી ગુરૂવારે તે નાણાંની ઉઘરાણી કરવા બંને મહિલા સહિત ચાર લોકો ગયા હતા. ઉઘરાણી શરૂ કરતાં જ હમીદ શેખે ઘરમાં પૂરી અને ચાર અજાણ્યા શખ્સ સાથે મળી ધોકા, પાઇપથી હુમલો કર્યો હતો. ચારેયે દેકારો કરતા પાડોશીઓ દોડી આવી તમામને બહાર કાઢ્યા હતા.

## જુવેનાઈલ ડાયાબિટીસ ફાઉન્ડેશનને રૂ.૫ લાખનું અનુદાન

JDF RAJKOT

### મ્યુનિ. કમિશનર અને મેયર દ્વારા ડાયાબિટિસ ક્ષેત્રના સેવાકાર્યને બિરદાવીને આર્થિક સહાય કરાઇ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૨


છેલ્લા ૧૮ વર્ષથી બાળકોમાં થતા ડાયાબિટીસ (ટાઈપ-૧ ડાયાબિટીસ)ને નાથવા જુવેનાઈલ ડાયાબિટીસ ફાઉન્ડેશન, રાજકોટ નિઃસ્વાર્થ ભાવે અથાગ પ્રયત્નો કરે છે. મુળભુત કાર્ય ડાયાબિટીક બાળકોને ડાયાબિટીસને કેવી રીતે કંટ્રોલ કરી શકાય તે છે. આ માટે ડાયાબિટીસથી પીડીત બાળકોને સંપૂર્ણ સારવાર, ડાયાબિટીસમાં ઉપયોગી દવાઓ, રીપોર્ટસ વગેરે સતત મળી રહે અને ટાઈપ -૧ ડાયાબિટીસમાં તજજ્ઞો દ્વારા માર્ગદર્શન તથા કેળવણી વખતો-વખત મળી રહે તે છે.

આ સેવાની જયોત સદાય પ્રજ્વલિત રહે તે માટે થતા નિરંતર પ્રયાસના પરીણામ સ્વરૂપે રૂ. ૫ લાખના અનુદાન સાથે આર્થિક સહયોગમાં રાજકોટ મનપાનો સાથ સાંપડ્યો છે. આ તકે મેયર ડો. પ્રદીપ ડવ અને મ્યુનિસિપલ કમિશનર અમિત અરોરાનો સમગ્ર જુવેનાઈલ ડાયાબિટીસ ફાઉન્ડેશન ટીમ વતી આભાર માનતા અપૂલ દોશીએ જણાવ્યું હતું કે, રાજકોટ મહાનગર પાલિકા હર હંમેશ સંસ્થાને મદદરૂપ થતું આવ્યું છે અને ભવિષ્યમાં પણ આજ સહકારની અપેક્ષા છે. સંસ્થામાં નિઃશુલ્ક નોંધાયેલા બાળકોની સંખ્યા ૧૫૦૦ થી વધુ છે.

## બ્રિજેશ રાઠોડનો આજે જન્મદિવસ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટઃ રાઠોડ પરિવારના લાડલા બ્રિજેશનો આજે જન્મદિવસ છે. બ્રિજેશએ ૧૬ વર્ષ પૂર્ણ કરી ૧૭ માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. શિક્ષણની સાથોસાથ ઘણીબધી સેવાકીય સંસ્થામાં જોડાયેલ છે. તેના જન્મદિવસ પર પિતા સુરેશભાઇ, માતા કિરણબેન, ભાઇ દેવશ તેમજ મિત્ર વર્તુળ અને જ્ઞાતિજનોમાંથી શુભેચ્છાઓની ધોધ વરસી રહી છે. 'સૌરાષ્ટ્ર ક્રાંતી' પરિવાર તરફથી



બ્રિજેશને જન્મદિવસની ખુબ ખુબ શુભકામનાઓ...

## લીલીયાના ક્રાંકચ ગામના યુવકનો આપઘાત

**(મિલાપ રૂપારેલ દ્વારા)**

અમરેલી, તા.૨૨

લીલીયા તાલુકાના ક્રાંકચ ગામે રહેતા મુકેશ બાવચંદભાઈ હેલૈયા (ઉ.વ.૩૫)એ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈને આપઘાત કર્યો હતો. મૃતક દેહને લીલીયા હોસ્પિટલમાં પી.એમ.અર્થે ખસેડાયો હતો. વધુ તપાસ પી.એસ.આઈ. એમ.ડી. ગોહિલ ચલાવી રહ્યા છે. (૧૩)

## રાજુલાઃ જુગાર રમતા ૭ ઝડપાયા : ૨ ફરાર

**(મિલાપ રૂપારેલ દ્વારા)**

અમરેલી, તા.૨૨

રાજુલા ગામે રહેતા સુરેશભાઈ સોલંકી સહિત ૯ જેટલા ઈસમો રાજુલા ગામે તત્વ જયોતિ વિસ્તારમાં જાહેરમાં તીનપતીનો જુગાર રમતા હતા. આ અંગે રાજુલા પોલીસને બાતમી મળતા દરોડો પાડી ૭ ઈસમોને રોકડ રકમ રૂ.૧૬૭૦૦ સાથે ઝડપી લીધા હતા. જયારે ૨ ઈસમો નાસી છૂટતા ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. (૧૩)

## દરેક દિવ્યાંગ મતદાર યાદીમાં નામ નોંધાવે અને ચૂંટણી પ્રક્રિયામાં સહભાગીદારી નોંધાવે :કલેકટર અરૂણ મહેશબાબુ

### દિવ્યાંગ મતદારોને ચૂંટણી પ્રક્રિયામાં સહભાગિતા અને સુગમતા અર્થે કલેકટરના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૨

દિવ્યાંગ મતદારોને ચૂંટણી પ્રક્રિયામાં સહભાગિતા અને સુવિધાઓ મળી રહે તે માટે રાજકોટ જિલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુની અધ્યક્ષતામાં મિટિંગ યોજાયેલ હતી.

'નો વન લેફટ બિહાઇન્ડ' કન્સેપ્ટ સાથે કલેકટરીએ ભારપૂર્વક અપીલ કરતા જણાવ્યું કે, દરેક દિવ્યાંગ મતદાર યાદીમાં પોતાનું નામ નોંધાવે અને ચૂંટણી પ્રક્રિયામાં પોતાની સહભાગીદારી નોંધાવે.

આગામી તા.૧૨-૮ થી તા. ૧૧-૯ દરમિયાન ખાસ મતદાર યાદી સુધારણા કાર્યક્રમ યોજનાર છે. આ કાર્યક્રમમાં જે દિવ્યાંગજનોને તા. ૧-૧૦-૨૦૨૨ ના રોજ ૧૮ વર્ષ પૂર્ણ થતા હોય અને તેઓના નામ મતદાર યાદીમાં નોંધાયેલા ન હોય તેવા મતદાર યાદીમાં પોતાનું નામ અવશ્ય નોંધાવે તેવી કલેકટર દ્વારા અપીલ કરવામાં આવી હતી.

રાજકોટ જિલ્લામાં હાલ ૧૫,૩૪૫ દિવ્યાંગ મતદારો નોંધાયેલા છે. દિવ્યાંગ મતદારોને પ્રેરણા પુરી પાડવા માટે દિવ્યાંગ મતદારોના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે રાજકોટ જિલ્લા કક્ષાએથી શૈલેષભાઈ પંડ્યાની નિમણુંક કરવામાં આવી છે. તાલુકા કક્ષાએ દિવ્યાંગ મતદારોને મદદરૂપ થવા તાલુકા બ્રાન્ડ એમ્બેસેડરની નિમણુંક ટૂંક સમયમાં કરવામાં આવનાર છે.

રાજકોટ જિલ્લાની તમામ સરકારી તથા ખાનગી સ્કૂલમાં દિવ્યાંગજનોને તકલીફ ન પડે તે ધ્યાને રાખી યોગ્ય રેમ્પ અને શૌચાલયની વ્યવસ્થા થાય તે સુનિશ્ચિત કરવા પણ કલેકટર દ્વારા જણાવવામાં આવ્યું હતું. દિવ્યાંગજનો પી. ડબ્લ્યુ. ડી. એપ્લિકેશન ડાઉનલોડ કરી તેનો મહત્ત્મ ઉપયોગ કરે તેવો ખાસ અનુરોધ કરવામાં આવ્યો હતો.

દિવ્યાંગ મતદારો માટે આયોજિત મિટિંગની શરૂઆતમાં મામલતદાર એમ.ડી.દવેએ સૌને આવકારી ખાસ મતદાર યાદી સુધારણા કાર્યક્રમ અંગે માહિતી આપી હતી. જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી મેહુલ ગોસ્વામી, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી તથા વિકલાંગ સંસ્થાઓ વતી યુનિક વિકલાંગ ટ્રસ્ટના શૈલેષભાઇ પંડ્યા અને પ્રયાસ પેરેન્ટ્સ એસોસિએશનના પ્રમુખ પૂજાબેન હાજર રહ્યા હતા. તેમ યાદીમાં જણાવ્યું છે. (૧૩)

## આગામી દિવસોમાં ઈલેકટ્રીક વાહનો થઈ જશે સસ્તાઃ કેન્દ્રીય પરિવહન મંત્રી



### હાલ મોંઘા ઈલેકટ્રીક વાહનો આવનારા દિવસોમાં પેટ્રોલ વાહનોની કિંમતના થઈ જશેઃ ગડકરી

**(એજન્સી સમાચાર)**

નવી દિલ્હી તા.૨૨

જો આપ ઈલેકટ્રીક કાર કે બાઈક ખરીદવાની યોજના બનાવી રહ્યા છો તો આપના માટે ગુડ ન્યુઝ છે. કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે, આગામી એક વર્ષમાં ઈલેકટ્રીક વાહનોની કિંમત ઘટીને પેટ્રોલ વાહનોની સમકક્ષ થઈ જશે.

ઈલેકટ્રીક વાહન ખરીદવાની યોજના કરી રહેલા લોકો માટે આ રાહત આપનારી ખબર છે. ગડકરીએ જણાવ્યું હતું કે ટેકનોલોજી અને ગ્રીન ઈંધણમાં ઝડપથી પ્રગતિથી ઈલેકટ્રીક ઓટો મોબાઈલના ખર્ચમાં ઘટાડો થશે. એટલે કે આથી આમ જનતાને ફાયદો થશે. આગામી બે વર્ષમાં ઈલેકટ્રીક વાહનો કે જે હાલ મોંઘા છે તેની કિંમત પેટ્રોલ વાહનોની બરાબર થઈ જશે. આવનારા સમયમાં ઈ-વાહનો ક્રાંતિ લાવી શકે છે.

ગડકરીએ જણાવ્યું હતું કે, આ સિવાય આવા વાહનોથી પ્રદુષણનું સ્તર ઘટશે. ભારત જ નહી આખી દુનિયામાં પ્રદુષણ પડકાર બન્યું છે. ગડકરીએ પોતાના સાંસદોને હાઈડ્રોજન ટેકનીક અપાવવાનો આગ્રહ કર્યો છે. તેમણે સાંસદોને તેમના ક્ષેત્રમાં સીવેજના પાણીને ગ્રીન હાઈડ્રોજનમાં બદલવાની પહેલનો આગ્રહ કર્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે, ટુંક સમયમાં જ હાઈડ્રોજન સૌથી સસ્તો ઈંધણનો વિકલ્પ બનશે. હાલ લિથિયમ આયન બેટરીની કિંમત પણ ઝડપથી ઘટી રહી છે. આપણે ઝિંક-આયન, એલ્યુમિનિયમ આયન, સોડીયમ-આયન બેટરી વિકસિત કરી રહ્યા છીએ જેથી ઈલેકટ્રીક વાહનો સસ્તા થશે.(૯)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

RECRUITMENT

DESIGNATION
Reporter
Photographer/Videographer
Video Editor
Computer Operator
Telemarketer
Corporate Marketing

EXPERIENCE
Experienced / Freshers

WORKING HOURS
8 Am To 6 Pm

WALK IN INTERVIEW
Monday to Saturday
10 am to 7 pm

ADDRESS
122, Star Chambers,Harihar Chowk,
Near Panchnath Mandir, Rajkot
Email: saurashtrakranti@gmail.com
Contact: +91 94097 57062

MALE AND FEMALE BOTH CAN APPLY



વન-ડે વન ડિસ્ટ્રીકટ કાર્યક્રમ અંતર્ગત આજે રાજકોટ આવેલ પ્રદેશ ભાજપ પ્રમુખ સી. આર. પાટેલનું જીલ્લા અને શહેર ભાજપ આગેવાનોએ સર્કિટ હાઉસ ખાતે પુષ્પગુચ્છ કર્યું હતું.







# પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલ રાજકોટમાં જીલ્લાના વન ડે વન ડિસ્ટ્રીકટ કાર્યક્રમ અંતર્ગત સાધુ સંતો, વિદ્યાર્થીઓ, વકિલો, તબીબો, દિવ્યાંગો, શિક્ષકો, સહકારી આગેવાનો, એન્જીનીયરો સાથે બેઠક

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ તા.૨૨ : ગુજરાત પ્રદેશ ભજાપ પ્રમુખ સી.આર.પાટીલ આજે રાજકોટની મુલાકાતે છે. વન ડે વન ડિસ્ટ્રીકટ અંતર્ગત પાટીલ રાજકોટ આવી પહોંચ્યા છે. આ કાર્યક્રમ સહિત પાંચ કાર્યક્રમમાં પાટીલ આજે દિવસ દરમિયાન હાજરી આપશે. ત્યારે સૌપ્રથમ શહેરના હેમુ ગઢવી હોલ ખાતે પાટીલની સાધુ-સંતો સાથે બેઠક યોજાઈ છે.આ બેઠક પહેલા પાટીલે સર્કિટ હાઉસ ખાતે રાજકોટ ભાજપના ધારાસભ્યો અને નેતાઓ સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી.

રાજકોટ ખાતે સવારે ૮ કલાકે પ્રદેશ ભાજપ પ્રમુખ સર્કિટ હાઉસ ખાતે શુભેચ્છકોને મળ્યા બાદ ૧૦ કલાકે હેમુ ગઢવી હોલ ખાતે સાધુ, સંતો, સાહિત્યકારો, ધાર્મિક સંસ્થાઓના પ્રતિનિધિઓ ૧૧.૧૫ કલાકે વિદ્યાર્થીઓ, શ્રમિકો, દિવ્યાંગો સાથે, ૧૨:૩૦ કલાકે શિક્ષકો, નિવૃત અધિકારીઓ કર્મચારીઓ સાથે જયારે ૨:૩૦ કલાકે સહકારી આગેવાનો, સરપંચો સાથે સ્વામીનારાયણ મંદિરના સભાખંડમાં કાલાવડ રોડ ખાતે સંમેલન યોજાયુ હતું. ૪ કલાકે વકીલો, તબીબો, બિલ્ડર્સ, વેપારીઓ, ઇજનેરો સાથે બેઠક યોજવામાં આવી છે.

# સંભારણા

## ભારતીય સેના

તમને યાદ હોય તો ૯ ફેબ્રુઆરી ૨૦૨૨ ના કેરલાના પલક્કડ જિલ્લામાં બાબુ નામનો પર્વતારોહક પગ લસરવાથી નીચે પડી ગયો હતો. આજે ફરી વાંચીએ થોડી વધુ જાણકારી સાથે..

કેરળના પલક્કડ જિલ્લામાં ૧૦૦૦ ફૂટ ઊંચો પર્વત છે. કલાયમ્બર્સની અહીં આવન જાવન હોય છે. નાના મોટા કામ કરીને પેટિયું રળવાવાળો, પણ પર્વતારોહણનો શોખ ધરાવતો આર. બાબુ નામનો ૨૩ વર્ષનો આરોહી પર્વત ચડતી વખતે પગ લસરીને પડી ગયો. નસીબ બળવાન જેથી તે ૪૦૦ ફૂટ નીચે આવેલી સાંકડી જગ્યા પર અટકી પડ્યો. જ્યાં માંડ ઊભા રહેવા જેટલી જ જગ્યા હતી. મિત્રોએ પૂરો પ્રયાસ કર્યો પણ બાબુ સુધી પહોંચવું અશક્ય હતું તેથી તેઓ અડધે પહોંચેલા પહાડ પરથી નીચે ઉતરીને ગામમાં ગયા અને પ્રશાસનને જાણ કરી. આમ એક રોમાંચક બચાવ અભિયાનની શરૂઆત થઈ.

પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં લઈને વહીવટી તંત્રએ સીધા જ મુખ્યમંત્રી પી. વિજયનને જાણ કરી અને તેમણે ભારતીય સેનાની મદદ માંગી. આ બધામાં સોમવાર પસાર થઈ ગયો. મંગળવારે ભારતીય સેના કોસ્ટ ગાર્ડનું ચેતક હેલિકોપ્ટર પહોંચ્યું પણ ખૂબ પ્રયત્નોના અંતે ખરાબ હવામાનને લીધે અસફળતા મળી. સોમવારની રાત આર. બાબુએ અન્ન-પાણી વગર, અંધારું, ઠંડી, પ્રાણીઓ અને સાપના ડર સાથે કાઢી. મંગળવારનો દિવસ તડકામાં કાઢ્યો. મદદ માટે બૂમો પાડીને ગળામાં શોષ પડ્યો હતો.

લશ્કરી અધિકારીઓએ **plan B** અમલમાં મુકવાનો નિર્ણય કર્યો. કાશ્મીરની પહાડીઓમાં ઉતરાણ અને લડાઈનો અનુભવ ધરાવતી સૈન્ય ટુકડી મિશન પર આવી પહોંચી. આ સૈનિકોને સ્પેશ્યલ પ્લેન **AN-32** દ્વારા લાવવામાં આવ્યા હતા. ઉપરાંત **Mig-17** હેલિકોપ્ટર પણ તૈયાર હતા. એક જીવ બચાવવા માટે આ બધું! છેવટે, સૈન્ય નાગરિકોના જીવ બચાવવા માટે જ કાર્યરત હોય છે ને!



**લેખિકાઃ પુનમ શાહ -મુંબઈ.**





મંગળવારની વહેલી પરોઢના અંધકારમાં એક જૂથે ૧૦૦૦ ફૂટ ઊંચા પર્વત પર ચઢવાનું શરૂ કર્યું. પછી નીચે બાબુ જયા અટવાયો હતો ત્યાં બે સૈનિક એક પછી એક નીચે ઉતરી રહ્યા હતા. આ નાયક બાલા અને સુબેદાર દીપકને એવરેસ્ટ ચડવાનો અનુભવ હતો. તેમાંથી એક માઉન્ટ એવરેસસ્ટ સર કરી ચૂક્યો હતો. હવે બાબુનો અવાજ આવી રહ્યો હતો તેથી તેમનો પણ ઉત્સાહ વધ્યો. તેમણે બૂમ પાડીને કહ્યું 'હમ ઇન્ડિયન આર્મી હૈ, ચિલ્લાના મત થક જાઓગે, પાની ઔર ખાના સાથ લેકર આયે હૈ, ઘબરાના નહીં..'

ત્યાં હવે સવારના અજવાળામાં આર. બાબુ પોતાનો જકડાયેલો અને દુઃખતો પગ જરા લાંબો કરવા ગયો તેમાં હજી ૨૦ ફૂટ નીચે જઈને પડ્યો. ફરી નસીબ સારા એટલે વચ્ચે અટક્યો પણ ઓર સાંકડી જગ્યામાં જઈને ફસાયો. આવામાં બાબુ પાસે મોબાઈલ હોવાથી તેણે સેલ્ફી લઈને મિત્રોને મોકલાવી જેથી લોકેશન સમજવામાં મદદ મળી અને કમાન્ડો બાબુ સુધી પહોંચ્યા..

આમ જોવા જાઓ તો લશ્કર માટે આ કામ રૂટીન છે પણ લોકોને જોણું થઈ ગયું. આ કામગીરી જોવા માટે સેંકડો લોકો પગપાળા આવીને એકઠા થયા હતા. પાછું આર્મીની ઇજ્જતનો પણ સવાલ હતો. કમાન્ડો એ બાબુને પાણી, ખોરાક અને સૌથી અગત્યનું એટલે ધીરજ આપી. જાણે મોટાભાઈ કરે એમ તેના વાળમાં, મોઢા પર પ્રેમથી હાથ ફેરવ્યો. બાબુ ધ્રુજતો હતો. બે કમાન્ડો દોરડાથી બાંધીને બાબુને ઉપર ચઢાવીને લઈ ગયા. ખૂબ જ ખતરનાક ઓપરેશન હતું. નીચે પડવાનો ડર વધારે હતો અને ચડતી વખતે ઉપરના ખડક માથા પર પડવાની શક્યતા હતી. સિવાય ગભરાયેલો બાબુ અશક્ત થઇ ગયો હતો. તેને ધીરજ આપતા આપતા ૪૫ કલાકને અંતે ઉપર લઈ આવ્યા ત્યાં સુધી તેણે મૃત્યુ સાથે સંઘર્ષ કર્યો. સલામત સ્થળે પહોંચતા જ બાબુએ કમાન્ડોને ગળે લગાડ્યા, નાના બાળકની જેમ ગાલ પર ચૂમીઓ લીધી અને 'ભારત માતાકી જય, ઇન્ડિયન આર્મી જિંદાબાદ' ના નારા લગાવ્યા લોકોએ પણ તેને સાથ આપી..

ઓપરેશન સફળ! બહાદુર સૈનિકોને કારણે એક માતા પોતાનો પુત્ર પાછો મેળવી શકી..

# દિલ્હી વર્લ્ડ પબ્લિક સ્કૂલ દ્વારા પૂર્વ વિદ્યાર્થીઓનું સન્માન



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૨: દિલ્હી વર્લ્ડ પબ્લિક સ્કૂલ, રાજકોટ દ્વારા શાળાના ભુતપૂર્વ વિદ્યાર્થી/વિદ્યાર્થીઓના સન્માન કાર્યક્રમમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ રહ્યા હતા અને તેમની શાળા દરમ્યાનની યાદો અને તેમણે મેળવેલ શિક્ષણની ચર્ચા કરીને તમામ શિક્ષકોનો આભાર વ્યકત કરેલ કાર્યક્રમની શરૂઆત વિદ્યાર્થી મિત્રો દ્વારા નૃત્ય સાથે કરવામાં આવી હતી. તેમ પ્રિન્સિપાલ રાજીવરંજનની યાદીમાં જણાવાયું છે.

## એડવોકેટ હેમંત પરમારનો આજે જન્મદિવસ



રાજકોટઃ યુવા ધારાશાસ્ત્રી તેમજ રાજકોટ કલેમ બાર એસોસિએશનના કારોબારી સભ્ય હેમંત પરમારનો આજે જન્મદિવસ છે. જેમણે એલ.એલ.બી. રાજકોટ ખાતે સરકારી લો કોલેજ ખાતે ૨૦૧૯ માં પૂર્ણ કરેલ તેમજ જેમણે જીવનરૂપી સફરમાં ૩૩ માં વર્ષમા પ્રવેશેલ છે. ક્રીમીનલ, સિવિલ, કલેઇમ કેસો તથા કન્ઝયુમર ફોરમમાં તથા રાજકોટ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટમાં મહત્વના કેસોમાં સારી એવી કામગીરી કરેલી છે. હાલ રાજકોટ ખાતે યાદવી એસોસિએટ્સ (એડ્વોકેટ) ની પોતાની લો ફર્મ ધરાવે છે. આજ રોજ તેમના જન્મદિવસ નિમિતે વકીલ મિત્રો, સગા સ્નેહીઓ દ્વારા તેમના મો. નં.૯૯૧૩૭ ૧૬૯૭૯ પર શુભેચ્છાઓનો ધોધ વરસી રહ્યો છે. ત્યારે 'સૌરાષ્ટ્ર ક્રાંતી' પરિવાર તરફથી એડવોકેટ હેમંત પરમારને જન્મદિવસની ખુબ-ખુબ શુભકામનાઓ...

# સમઢીયાળા ગામે વૃદ્ધ દંપતિ ઉપર જીવલેણ હુમલો



**(મિલાપ રૂપારેલ દ્વારા)**

અમરેલી, તા.૨૨

ખાંભા તાલુકાનાં મોટા સમઢીયાળા ગામે રહેતા વૃધ્ધ દંપત્તિ બુધવારે રાત્રીના સમયે પોતાનાં ઘરમાં સુતા હતા. કોઈ અજાણ્યા ઈસમોએ ચોરી અથવા તો લૂંટના ઈરાદે ઘરમાં આવી સુતેલા વૃધ્ધ દંપત્તિ ઉપર જીવલેણ હુમલો કરી વૃધ્ધાનું ઘટના સ્થળે મોત નિપજાવી દીધેલ હતું. જયારે વૃધ્ધને ગંભીર ઈજાઓ સાથે સારવાર માટે રાજકોટ દવાખાને ખસેડવામાં આવ્યા હતા.

આ બનાવની જાણ ખાંભા પોલીસને થતાં ખાંભા પોલીસ, અમરેલી એલસીબી તથા પોલીસ વડા ઘટના સ્થળે દોડી ગયા હતા અને અલગ-અલગ ટીમ બનાવી આ બનાવને અંજામ આપનારા અજાણ્યા ઈસમોને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે. (૧૩)

### યુવા ધારાસભ્ય પરેશ ધાનાણી દ્વારા મુખ્યમંત્રીને કરાઈ રજૂઆત

# અમરેલીના બાબાપુર નજીક સાંતલી સિંચાઈ યોજના પૂર્ણ કરવા માંગ

## મહેસુલ અને સિંચાઈ વિભાગ વચ્ચે સંકલનનો અભાવ હોવાનો આક્ષેપ

**(મિલાપ રૂપારેલ દ્વારા)**

અમરેલી, તા.૨૨

અમરેલીના ધારાસભ્ય પરેશ ધાનાણીએ મુખ્યમંત્રીને પત્ર પાઠવી રજૂઆત કરાઈ હતી. રજૂઆત જણાવ્યું છે કે, અમરેલી તાલુકાના બાબાપુર ગામ પાસે સાંતલી નદી ઉપર સાંતલી સિંચાઈ યોજના અંતર્ગત બંધ બાંધવા માટે ૨૦૧૨માં ભાવનગર સિંચાઈ યોજના વર્તુળ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવેલ અને આ યોજનામાં ડૂબ વિસ્તાર, ડેમ લાઈન તેમજ ટેઈલ ચેનલમાં સમાવિષ્ટ ગામો પાણીયા, બાબાપુર, ટીંબલા, જાળીયા તથા ભંડારીયાની કુલ ખેતીલાયક ૯૮૫ હેકટર જેટલી ખાનગી જમીન ખાતેદારો આપવા સંમત થયેલ. સમગ્ર વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરી વર્તુળ કચેરી મારફત સરકારમાં દરખાસ્ત કરેલ. સરકારના તા. ૮-૮-૧૨ થી આ યોજના મંજુર કરી રૂા. ૩૧૯.૭૬ કરોડની વહીવટી મંજુરી આપવામાં આવેલ. વર્ષ



૨૦૧૩માં નવો જમીન સંપાદન કાયદો અમલમાં આવતા આ યોજનાની સુધારેલી દરખાસ્તને તા. ૪/૧૦/૨૦૧૭થી રૂા. ૭૧૩.૦૮ કરોડની વહીવટી મંજુરી આપવામાં આવેલ. સરકારના તા. ૨૬/૧૨/૨૦૧૭ના પત્રથી પુનઃ સુધારેલ વહીવટી મંજુરીની દરખાસ્ત અન્વયે રૂા. ૧,૧૦૦ કરોડની રકમ મંજુર કરી યોજનાને સૈદ્ધાંતિક મંજુરી આપેલ.

આ યોજના બનશે તો અમરેલી તાલુકા ઉપરાંત સમગ્ર જિલ્લાના ગામોને ખેતી માટે સિંચાઈનું પાણી મળી રહેશે. ખેડૂતોના કૃષિ ઉત્પાદનમાં વધારો થશે, ભૂગર્ભ જળના તળ ઉંચા આવશે અને કાયમી ધોરણે પાણીનો પ્રશ્ન હલ થશે.

વધુમાં જણાવેલ છે કે, જમીન સંપાદન અંતર્ગત અસરગ્રસ્ત ખેડૂત ખાતેદારો પૈકી ૭૦% સહમતિ મળે તો જ આગળની કાર્યવાહી હાથ ધરી શકાય. જમીન સંપાદન કરવા માટે ખાતેદારો સાથે ગામવાર ગ્રામસભા યોજી સંમતિ મેળવેલ, જેમાં ૯૬% ખાતેદારોએ સહમતિ આપેલ છે.

ઉકત તમામ હકીકતો ધ્યાને લઈ આપની કક્ષાએથી જરૂરી તપાસ કરાવી અમરેલી તાલુકા અને જિલ્લાના ખેડૂતોના હિતમાં યોગ્ય નિર્ણય કરી સાંતલી સિંચાઈ યોજના માટે નાયબ કલેકટર અમરેલીની સંપાદન અધિકારી તરીકે નિમણુંક કરી, જમીન સંપાદન સમયમર્યાદામાં પૂર્ણ કરાવી, યોજના માટે ખાસ કિસ્સામાં નાણાંની ફાળવણી કરાવી યોજના વહેલીતકે પૂર્ણ થાય તેવી કાર્યવાહી કરાવવા અંતમાં માંગ કરેલ છે. તેમ યાદીમાં જણાવ્યું છે. (૧૩)

## સુખપુર-સુકવડા ચોકડી પરથી શ્રમિકોના ૮ મોબાઈલ સહિત રૂ.૫ હજારની ચોરી

**મિલાપ રૂપારેલ દ્વારા)**

અમરેલી, તા.૨૨

બાબરા તાલુકાના સુખપુર ગામે રહેતા કિશોરભાઈ નજુભાઈ ચાવડાની બાબરા તાલુકાનાં સુખપુર-સુકવડા સાઈડ ઉપર ગત તા. ૨૮-૬ રાત્રીનાં સમયે કોઈ અજાણ્યા ઈસમે જનરેટરનો કેબલ આશરે ૪૦ ફૂટનો કિંમત રૂા. ૧ હજાર તથા સાઈડ ઉપરનાં શ્રમિકોના અલગ-અલગ મોબાઈલ ફોન નંગ-૮ કિંમત રૂા. ૧૯૫૦૦ રોકડ રકમ રૂા. ૫ હજાર સહિતનો મુદામાલ ચોરી કરી લઈ ગયાની ફરિયાદ બાબરા પોલીસમાં નોંધાઈ છે. (૧૩)

## વડલી ગામે તીનપત્તીનો જુગાર રમતા ૪ ઝડપાયા

**(મિલાપ રૂપારેલ દ્વારા)**

અમરેલી, તા.૨૨

જાફરાબાદ તાલુકાના વડલી ગામે રહેતા રણછોડભાઈ સોલંકી સહિત ૬ ઈસમો વડલી ગામે જાહેરમાં તીનપતીનો જુગાર રમતાં હોવાની જાણ નાગેશ્રી મળતાં દરોડો પાડી ૪ ઈસમોને રોકડ રકમ રૂા.૧૦,૨૦૦ સાથે ઝડપી લીધા હતા. જયારે બે ઈસમો નાસી ગયા હતા. (૧૩)

## સાવરકુંડલાઃ વેપારી સાથે પરપ્રાંતના વેપારીએ રૂ.૧૦ લાખની છેતરપીંડી કરી

**મિલાપ રૂપારેલ દ્વારા)**

અમરેલી, તા.૨૨

સાવરકુંડલા ગામે રહેતા પ્રવિણભાઈ સોલંકી નામના વેપારીએ આસામ ખાતે જઈ વેપારી સુએલ અહેમદ લશ્કર નામના વેપારી સાથે રૂા. ૧૬ લાખની સોપારી લેવાનો સોદો ગત તા. ૨૧/૧૧/૨૧થી તા. ૨૨/૧૧/૨૧ દરમિયાન કરેલ જે પૈકી રૂા. ૧૦ લાખ સાવરકુંડલાના વેપારીએ તેમના સંબંધીના એકાઉન્ટ મારફત આરટીજીએસ દ્વારા આસામના વેપારીના ખાતામાં ટ્રાન્સફર કરાવેલ હતા. બાદમાં આસામના વેપારીએ પોતાનો ફોન બંધ કરી સાવરકુંડલાના વેપારીએ ખરીદ કરેલ સોપારી નહીં મોકલી કે પૈસા પરત નહીં આપી સાવરકુંડલાના વેપારી સાથે છેતરપીંડીની ફરિયાદ સાવરકુંડલા પોલીસમાં નોંધાઈ છે. (૧૩)

## અમરેલીઃ ફીટનેશ જીમના સંચાલક સાથે ડીસા પંથકના બે શખ્સોએ છેતરપીંડી કરી

**(મિલાપ રૂપારેલ દ્વારા)**

અમરેલી, તા.૨૨: અમરેલીના ગીરીરાજ કો.ઓપ. હાઉસિંગ સોસાયટીમાં રહેતા અને ચિતલ રોડ ઉપર પ્રાર્થના ફીટનેશ જીમ ચલાવતાં કેતકીબેન નિતેશભાઈ રાઠોડ તથા તેણીના પતિ પાસે બનાસકાંઠા જિલ્લાનાં ડીસા ગામે રહેતા જિતેન્દ્રભાઈ મહેતા તથા મિલનભાઈ મહેતાએ ગત તા.૫-૬-૧૮ થી તા.૨૫-૪-૨૦ દરમિયાન રૂા. ૫,૮૬,૦૦૦ની રકમ ૧ વર્ષમાં પરત આપી દેવાનો વાયદો કરી મેળવી લીધા બાદ તેમાંથી એકપણ રૂપિયો પરત નહી આપતા પતિ-પત્ની સાથે છેતરપીંડી કર્યાની ફરિયાદ સીટી પોલીસમાં નોંધાઈ છે. (૧૩)

## બાબરા : ૧૦૮ સેવાએ શ્રમિક સગર્ભાની ડિલિવરી કરાવી

**(મિલાપ રૂપારેલ દ્વારા)**

અમરેલી, તા.૨૨

બાબરા તાલુકાના ગામપીપળીયા ગામમાં વાડી વિસ્તારમાં રહી મજુરી કામ કરતા સર્મિલાબેન વિનેશભાઈ મેડાને પ્રસુતિનો દુઃખાવો ઉપડતા તેમના પ્રાઈવેટ વાહનમાં નીકળે પણ રસ્તામાં પ્રસુતિની પીડા ઉપડતા બાબરા ૧૦૮ એમ્બ્યુલન્સનો સંપર્ક કર્યો હતો. કેસ મળતાની સાથે જ ફરજ પરના ઈ.એમ.ટી.જયદીપ ગરણીયા તેમજ પાઈલોટ જગદીશ દેવમુરારી ગણતરીની મિનિટમાં જ સ્થળ પર પહોંચી ગયા હતા. સ્થળ પર તપાસ કરતા જાણવા મળેલ કે માતાને ફેરવી શકાઈ તેમ હોવાથી વાડી વિસ્તારમાં રોડ પર જ ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર પરના ફિજિશિયન ડોકટર રવી ચાવડા જોડે વાત કરી સ્થળ પર જ ડિલિવરી કરાવી માતા અને બાળકનો જીવ બચાવ્યો હતો. ત્યારબાદ માતા અને બાળકને ૧૦૮ એમ્બ્યુલન્સમાં લઈ બાબરા સરકારી દવાખાને આગળની સારવાર માટે લઈ જવાઈ હતા. આમ શર્મિલાબેનના પરિવારે ૧૦૮ નો આભાર માન્યો હતો. તેમ જણાવ્યું છે. (૧૩)

# કુંકાવાવની પોસ્ટ ઓફિસમાં ૧ માસથી પાસબુકનો અભાવ

**(મિલાપ રૂપારેલ દ્વારા)**

અમરેલી, તા.૨૨

કુંકાવાવની તાલુકા કક્ષાની મુખ્ય પોસ્ટ ઓફિસમાં છેલ્લા ૧ માસથી પાસબુક ખલાસ છે અને પ્રિન્ટર પણ ખરાબ થઈ જતા અમરેલી ખાતે રીપેરીંગમાં મોકલવામાં આવ્યું છે. ત્યારે મુખ્ય હેડ ઓફિસને કુંકાવાવ પોસ્ટ ઓફિસ દ્વારા અનેકવાર રીપેરીંગકરીને પરત મોકલાવાની માંગ કરવામાં આવી છે. પણ ઉચ્ચ અધિકારીઓ એક-બે દિવસમાં થઈ જશેનો જવાબ આપી રહ્યા છે.

ત્યારે આ તાલુકા મથકની મુખ્ય ઓફિસ હોય અનેક લોકો ફિકસ ડિપોઝીટ તથા ખાતામાં જમા ઉધાર કરાવવા માટે લાંબો સમય રાહ જોવી પડે છે અને લેવડ દેવડ તેમજ ડિપોઝીટ અટકી પડી છે. ત્યારે આ સમસ્યાની કર્મચારીઓ, ગ્રાહકો તેમજ એજન્ટોને ભારે હાડમારીનો સામનો કરવો પડી રહયો છે. ત્યારે આ સમસ્યાનો ઉકેલ વહેલી તકે આવે તેવી લોકો માંગ કરી રહ્યા છે. (૧૩)

# સંબંધો તૂટવાથી ૩૮%ની પાચનશક્તિ ઘટી, ૫૪% અનિંદ્રાનો શિકાર બન્યા તો ૩૪%નું વજન વધી ગયું

## મનોવિજ્ઞાન ભવન દ્વારા ૧૧૭૪ યુવાનો પર સર્વે કર્યો જેમાં ચોંકાવનારા તારણો સામે આવ્યા



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૨

દરેક વ્યક્તિ પોતાના જીવનકાળ દરમિયાન ઘણાં સામાજિક સંબંધો વિકસિત કરે છે. જો આ સંબંધોમાં તિરાડ પડે તો તેની અસર વ્યક્તિના માનસિક સ્વાસ્થ્ય પર ખૂબ પડે છે. આ અંગે મનોવિજ્ઞાન ભવનની વિદ્યાર્થીની નિશા પુરોહિતે ૧૧૭૪ યુવાનો પર સર્વે કર્યો જેમાં ચોંકાવનારા તારણો સામે આવ્યા છે. જ્યાં બ્રેકઅપ બાદ ૩૭.૯૦% યુવાનોની પાચન ક્રિયામાં ઘટાડો આવ્યો. જયારે ૫૪% યુવાનોને અનિંદ્રાનો રોગ લાગુ પડી ગયો છે.

મનોવૈજ્ઞાનિકોનું કહેવું છે કે, દિલ તૂટવું એટલે ભાવનાત્મક રૂપથી તબાહ કરવાવાળી સ્થિતિ હોય છે. તેઓએ જણાવ્યું કે, દિલ તૂટવું એ બધા માટે અલગ-અલગ સ્થિતિ હોય છે પરંતુ મોટેભાગે ઊંડા દુઃખ અને અતિ પીડાથી ક્યારેક બહાર નહીં નીકળવા નો ભાવ હોય છે. માનસિક રીતે આ એક એવી સ્થિતિ છે, જેમ કે આપ વાસ્તવમાં પીડા અનુભવો છો, મૂડ સ્વિંગ અને ખિન્નતા ની સ્થિતિ પણ જોવા મળે છે.

**બ્રેકઅપ આ પાંચ સ્થિતિમાં મૂકે છે:** નેગેટિવિટી, ગુસ્સો, સોદેબાજી, ખિન્નતા, સ્વીકાર કરવાની ભાવના.

સામાજિક કોઇપણ સંબંધમાં વિક્ષેપ ઊભો થાય છે. ત્યારે વ્યક્તિના પોતાના જીવનમાં ઘણા પરિવર્તનો જોવા મળે છે. જેની શારીરિક અને માનસિક અસર પણ થાય છે. વ્યક્તિના કોઈ સંબંધ તૂટી જાય છે અથવા તો સંબંધમાં સમસ્યાઓ જોવા મળે છે. જ્યારે સંબંધ તૂટી જાય છે તો પછી વ્યક્તિને ઘણી તકલીફ થાય છે અથવા જ્યારે વારંવાર સંબંધમાં સમસ્યાઓ ઉદભવે છે ત્યારે વ્યક્તિ આ સમસ્યાઓથી કંટાળી જાય છે અને સંબંધ એક ભારરૂપ લાગે છે જેનાથી પણ વ્યક્તિને ઘણી શારીરિક અને માનસિક અસર થાય છે.

**અન્ય અસરો:** મનોવિજ્ઞાન ભવન સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં આવા ઘણા કેસ જોવા મળ્યા છે કે, સબંધો તૂટવાથી અથવા સંબંધમાં સમસ્યાથી માનસિક અસર થઇ છે.

લવ મેરેજના ૧૧ વર્ષ પછી કોરોનાના સમયમાં જ્યારે પતિ બહાર જોબ કરવા જાય છે અને પત્ની ઘરે જ હોય છે ત્યારે પત્નીને એવું લાગે છે કે પતિ કોરોનાના કારણે દૂર રહે છે, તેનો પતિ હવે તેને પ્રેમ કરતો નથી. અંતે આ અંતર એટલુ વધી જાય છે બંને વચ્ચે જાતિય સંબંધો પણ ઓછા થઈ જાય છે. થોડા સમય પછી તેની પત્ની સ્ટ્રેસમાં આવી જાય છે. આમ ગેરસમજને લીધે પત્નીને માનસિક સ્ટ્રેસનો ભોગ બનવું પડે છે.

લગ્નનાં ૮ વર્ષ પછી કોરોના દરમિયાન જ્યારે પતિ ઘરથી દૂર જોબ પર જાય છે અને પત્ની ઘરે હોય છે. ત્યારે પતિના નોકરીના સ્થળે ઘણી સ્ત્રી મિત્રો સાથે સંબંધો બંધાય છે અને જેને પગલે તેની પત્નીથી અમુક અંશે દુરી વધી જાય છે અને આગળ જતા પતિ દ્વારા અન્ય સ્ત્રી સાથે શારીરિક સંબંધો પણ બંધાવા લાગે છે. જ્યારે તેની પત્નીને આ વાતનો ખ્યાલ આવે છે ત્યારે તે તેના પતિને છોડી દે છે પરંતુ આગળ પોતે એકલું જ જીવન પસાર કરે છે પણ પત્ની ડિપ્રેશનનો ભોગ બને છે.

એક સ્ત્રીને પોતાના બાળકના જન્મ પછી શરીરમાં વધારો અને શરીરમાં ઘણો તફાવત જોવા મળ્યો તેની પ્રસૂતિ ખૂબ તકલીફ પડી હતી. ત્યારે પતિએ મજાકમાં એવું કહ્યું કે, હવે તો તું બહુ જાડી થઈ ગઈ છો મારે કોઈ બીજી ગોતવી પડશે. આ સાંભળી પત્નીને આઘાત લાગ્યો અને તે મનોરોગનો શિકાર બની.

### સામાજિક સંબંધોને કઈ રીતે ટકાવી રાખવા

| સામાજિક સંબંધોને કઈ રીતે ટકાવી રાખવા | |
|---|---|
| નાની નાની વાતમાં ઝઘડો કરવાનું ટાળો | ૪૫%ના મતે અહમને લીધે સંબંધ તૂટે |
| સ્વીકાર કરવાની ભાવના સાથે સબંધ નિભાવો | ૫૬% ના મતે વિશ્વાસ ન હોવાને લીધે |
| કોઈપણ સમસ્યા હોય તો તેનું મૂળ કારણ શોધો | ૬૩% ના મતે એકબીજાને સમય ન આપવાને લીધે. |
| સંબંધમાં બને તેટલો વધુ સમય આપો | ૫૫% ના મતે સમજણ શક્તિ ઓછી હોવાને લીધે |
| કોઈપણ સ્વાર્થ વગર સંબંધ નિભાવવો | ૫૬%ના મતે વારંવાર સમસ્યાથી કંટાળીને લીધે |
| સંબંધો તૂટવાના કારણો | ૩૧%ના મતે આર્થિક કારણને લીધે |

### સબંધ તૂટી ગયા પછી આ રીતે સ્વાસ્થ્યની જાળવણી કરવી

પોતાના જીવનમાં વ્યસ્ત રહેવું.
ગમતું કાર્ય કરતું રહેવું.
જીવનમાં ચોક્કસ લક્ષ્ય શોધવું.
સામાજિક સેવા કાર્યોમાં ભાગ લેવો.
અન્ય સામાજિક સંબંધો વિકસાવવા.

### સામાજિક સંબંધોમાં વિક્ષેપની અસર

- ★ ૪૫% એકલા રહેવ લાગ્યા
- ★ ૩૬% પોતાના ધ્યેયથી ભટકી ગયા
- ★ ૩૭%ને કોઈ કાર્ય કરવામાં રસ રહ્યો નહીં
- ★ ૩૧.૫૦% સમાજ પ્રત્યે ધૃણા થવા લાગી
- ★ ૫૪%ની ઊંઘ અને એકાગ્રતામાં ઘટાડો આવ્યો
- ★ ૩૭.૯૦%ની પાચન ક્રિયામાં ઘટાડો આવ્યો
- ★ ૩૪%ના વજનમાં વધારો થયો
- ★ ૫૫% સ્નાયુઓમાં દુખાવો થાય છે
- ★ ૪૬%માં શારીરિક રોગના લક્ષણો જોવા મળ્યા

**સ્થાપના પર્વ નિમતે અબોલ જીવો અને સેવાકાર્યોની હારમાળા**

# રવિવારે યુવા સેના ટ્રસ્ટનો સ્થાપના દિવસ, ૧૨ માં વર્ષમાં પ્રવેશ

## આ તકે સંસ્થાની મુલાકાતે આવનાર વિદ્યાર્થીઓને ફુલસ્કેપ ચોપડા વિતરણ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૨

નાના એવા બીજમાંથી ધીરે ધીરે વટવૃક્ષની જેમ આકાર પામી રાજકોટ શહેરની અગ્રણ્ય ગણાતી સામાજિક તેમજ સેવાકીય ક્ષેત્રની સંસ્થાઓમાં યુવા સેના ટ્રસ્ટે સારી એવી નામના હાંસલ કરી છે. માનવ સેવા તથા અબોલ જીવોના કલ્યાણાર્થે સતત સેવા કાર્યો કરતી રહેલ સંસ્થા યુવા સેના ટ્રસ્ટ ૧૧ વર્ષ પૂર્ણ કરી ૧૨ માં વર્ષમાં તા. ૨૪ ને રવિવારના રોજ મંગલ કરશે. નિ:સ્વાર્થભાવે સેવાના સમન્વય થકી સમાજ જીવનના ઉત્કર્ષ માટે સક્રિય બની સતત પ્રવૃત્તિશીલ રહેવામાં માનતા ટ્રસ્ટના પ્રમુખ પ્રદયુમનસિંહ ઝાલાના માર્ગદર્શન તળે યુવા સેના, લેડીઝ યુવા સેના, સિનિયર સિટીઝન સેના, ચિલ્ડ્રન સેના, દિવ્યાંગ સેના તથા વિવિધ સેવારૂપીવટ સંસ્થા કાર્યરત બનવા પામી છે.

વિશેષમાં જણાવવાનું કે સંસ્થાના સ્થાપના દિને મેડીકલ સાધન લઈ જનાર પાસેથી ડિપોઝીટ લેવામાં આવશે નહીં તથા આ દિવસે રકતદાન કરનાર દાતાઓને સંસ્થા તરફથી તથા બ્લડબેંક તરફથી સર્ટિફિકેટ તથા વિશિષ્ટ ઈનામોથી આપવામાં આવશે તેમજ સર્વજ્ઞાતિ મેરેજ બ્યુરોમાં ફોર્મ ભરનારને આ દિવસે કોઈપણ જાતનો ચાર્જ લેવામાં આવશે નહીં તથા લાયબ્રેરીમાં વાંચન માટે આવનાર વિદ્યાર્થીઓને તેમજ આ દિવસે સંસ્થાની મુલાકાતે આવનાર સ્કૂલમાં ભણતા વિદ્યાર્થીઓને પાંચ ફુલસ્કેપ ચોપડા ફ્રી માં આપવામાં આવશે. વહેલા તે પહેલાના ધોરણે છેલ્લું પાસીંગ સર્ટિફિકેટ ઓરીજનલ લઈ આવવું. વધુમાં જણાવ્યું છે કે, સેવા ભવન , ભોલેનાથ સોસાયટી શેરી નં . ૪, રાજકોટના કાર્યાલય ખાતે કાર્યરત યુવા સેના ટ્રસ્ટ દ્વારા સ્થાપના પર્વની ભવ્ય ઉજવણી વિવિધ સેવાપ્રકલ્પો દ્વારા કરવામાં આવશે. જેમકે ભિક્ષકોને ખીચડી વિતરણ, જરૂરિયાતમંદ ભિક્ષુક મહિલાઓને સાડી વિતરણ ઉપરાંત ગૌમાતાને લાડવા બનાવી ખવડાવાશે તથા કૂતરાઓને દૂધ-બિસ્કીટ અને પક્ષીઓને ચણ નાખવામાં આવશે. તેમજ વિવિધ વિસ્તારોમાં ભોજન પ્રસાદ આપવામાં આવશે. તેમ યાદીના અંતમાં પ્રદ્યુમનસિંહ ઝાલાએ જણાવ્યું છે. (૧૩)

**ગાર્ડી વિદ્યાપીઠ સ્થિત શ્રી આર. એસ. શાહ આયુર્વેદ હોસ્પિટલમાં**

# ઓપરેશન વગર આયુર્વેદિક સારવારથી કાનના પડદાની સફળ સારવાર


## આયુર્વેદની ક્ષમતાને પુનઃ પુરવાર કરવા શ્રી આર.એસ.શાહ હોસ્પિટલ કટીબધ્ધઃ ડો એન.બી.કપોપરા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૨

પ્રાચીન સમયથી જ આયુર્વેદ ચિકિત્સા પદ્ધતિ સૌથી શ્રેષ્ઠ ચિકિત્સા પધ્ધતિ રહી છે. કોરોનાના કપરા સમયમાં આયુર્વેદિક ચિકિત્સા પદ્ધતિએ સફળ પરિણામો આપી એક શ્રેષ્ઠ ચિકિત્સા પદ્ધતિ તરીકે પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું છે. રાજકોટના કાલાવડ રોડ સ્થિત ગાર્ડી વિદ્યાપીઠની શ્રી વી. એમ. મહેતા આયુર્વેદ કોલેજ સાથે સંલગ્ન શ્રી આર. એસ. શાહ આયુર્વેદ હોસ્પિટલમાં છેલ્લા ચાર વર્ષથી કાનમાંથી નીકળતી રસી અને કાનના પડદાના કાણાથી પીડિત દર્દીને આયુર્વેદિક ચિકિત્સા પદ્ધતિથી સફળ પરિણામ પ્રાપ્ત થયેલ છે.

કાનના દર્દો જેવા કે, કાનમાં થતી રસી, સાંભળવામાં તકલીફ, કાનમાં આવતા અલગ-અલગ અવાજ, કાનમાં ધાક બેસવી, કાનમાં થતી ફૂગ, કાનનો મેલ સાફ કરાવવા જેવા રોગોની સારવાર થઈ રહી છે. કાનના રોગોની વિશેષ સારવારમાં કર્ણધૂપન, કર્ણપૂરણ, નસ્ય, સ્વેદન કાનની બુટ સાંધવી જેવી સારવાર આપવામાં આવે છે. અહીં આંખ, કાન, નાક, ગળા અને માથાના રોગો મુજબ દરેક પ્રકારના પંચકર્મ પણ અહીંની હોસ્પિટલમાં કરવામાં આવે છે અને ઘણા દર્દીઓ તેનો લાભ મેળવી રહ્યા છે. આ તકે વી. એમ. મહેતા આયુર્વેદ કોલેજના પ્રિન્સિપાલ તેમજ શ્રી આર. એસ. શાહ આયુર્વેદ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટ ડો એન. બી. કપોપરાએ જણાવ્યું હતું કે, આયુર્વેદની ક્ષમતાઓને પુનઃ પુરવાર કરવા શ્રી આર એસ શાહ આયુર્વેદ હોસ્પિટલ કટિબદ્ધ છે. આ રોગની જળમૂળથી સારવાર કરીને દર્દીઓને ફરીથી સ્વાસ્થ્ય પ્રદાન કરનાર આયુર્વેદ વિભાગના પ્રિન્સિપાલ, તમામ



પ્રાધ્યાપકો, શાલાક્ય વિભાગના ડો. જયેશ કાત્રોડિયા અને આયુર્વેદ હોસ્પિટલના તમામ તબિબોને તેમની સેવાકીય પ્રવૃતિ બદલ ગાર્ડી વિદ્યાપીઠના ચેરમેન ડી. વી. મહેતા, સંસ્થાના મેનેજિંગ ડિરેક્ટર જય મહેતા અને વાઈસ ચેરમેન કિરણભાઈ શાહે અભિનંદન પાઠવ્યા હતા. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩)

# વડિયાઃ રવિવારે યુથ કોંગ્રેસ દ્વારા તોરી ગામે સર્વરોગ નિદાન કેમ્પ

**(કિરીટ જોટવા દ્વારા)**

વડિયા, તા.૨૨

અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા એવા વડિયાના તોરી ગામે યુથ કોંગ્રેસ દ્વારા મુક્તાનંદ બાપુ, ધારાસભ્ય પરેશ ધાનાણી અને સંજયભાઈ વઘાસીયા ટ્રસ્ટી જય અંબે હોસ્પિટલની ઉપસ્થિતિમાં તા.૨૪ને રવિવારના રોજ સર્વરોગ નિદાન કેમ્પ અને ફ્રી મેડિસિન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં નામાંકિત ડોક્ટરોની ટીમ સેવા આપવાની છે.

ત્યારે આસપાસના વિસ્તારના લોકોને નામાંકિત ડોક્ટરોની વિનામૂલ્યે અને ફ્રી મેડિસિનનો લાભ લેવા યુથ કોંગ્રેસ દ્વારા અપીલ કરવામાં આવી છે. આ કાર્યક્રમ માટે દર્દીઓએ (મો. નં.૯૬૮૭૬ ૭૯૬૮૮) પર રજીસ્ટ્રેશન કરાવવા યાદીમાં જણાવાયું છે.(૧૩.૧૧)

# જામખંભાળિયાઃ અબોલ તીર્થ વેટરનરી હોસ્પિટલમાં લમ્પી સ્કીન ડિસીસ વોર્ડ બનાવાયા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

જામખંભાળિયા, તા.૨૨

જામખંભાળિયામાં આવેલ અબોલ તીર્થ વેટરનરી હોસ્પિટલમાં લમ્પી વાઇરસના ભોગ બનેલા પશુ માટે અલગથી વોર્ડ રાખવામાં આવ્યો છે.

જામખંભાળિયા હાલમાં પશુઓમાં લમ્પી વાઇરસ નામનો રોગ આવી રહ્યો છે. જેમાં પશુઓની ચામડીમાં ગાઠા જેવા નિશાન દેખાઈ રહ્યા છે, ત્યારે સમયસર સારવારના મળતા અનેક પશુઓના મોત થઈ રહ્યા છે. આ પશુઓને સમયસર સારવાર મળે તે માટે સ્વ. લાભુબેન રણછોડદાસ બરછા ચરિટેબલ ટ્રસ્ટ સંચાલિત, અબોલ તીર્થ વેટરનરી હોસ્પિટલમાં અલગથી Lampy skin disease ward બનાવવામાં આવેલ છે. જેમાં કુલ ૧૩ એનિમલ્સ



એડમિટ કરેલ છે. આ રોગમાં સ્ટીફનેસ વધુ હોઈ બધા પશુઓને બાંધવામાં આવેલ નથી. સંસ્થાના વેટરનરી ઓફિસર ડો. એન. એચ. આંબલીયા અને સ્ટાફ સઘન સારવાર કરી રહ્યા છે. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩.૧૧)

# રાજકોટ આચાર્ય સંઘના પ્રમુખ તરીકે વિનોદભાઈ ગજેરાની વરણી

**(હુસામુદ્દીન કપાસી દ્વારા)**

જસદણ, તા.૨૨

શૈક્ષણિક વર્ષ ૨૦૨૨ -૨૦૨૩ મા રાજકોટ આચાર્ય સંઘના પ્રમુખ તરીકે શ્રી લાલબહાદુર શાસ્ત્રી વિદ્યાલય-રાજકોટના પ્રિન્સિપાલ વિનોદભાઈ ગજેરા અને ગુરૂકુળ વિદ્યાલય - રાજકોટના પ્રિન્સિપાલ કિશોરભાઈ દવે, મહામંત્રી કે. પી. હિરપરા અને મમતાબેન પુરોહિત ઉપપ્રમુખ, તુષારભાઈ પંડ્યા, સારસ્વતમંત્રી આશિષભાઈ પાઠક, કલ્યાણ નિધિ કન્વીનર, શૈલેષભાઇ સોજીત્રા સહમંત્રી, ભાવેશભાઈ વ્યાસ ખજાનચી તરીકે હોદેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ. નવા નિમાયેલ પ્રમુખ વિનોદભાઈ ગજેરા રાજકોટ શૈક્ષણિક સંઘ સંકલન સમિતિના સંયોજક, ગુજરાત રાજય આચાર્ય સંઘ-ગાંધીનગરના સંગઠન મંત્રી, પટેલ સેવા સમાજ આટકોટ સંચાલિત કે. ડી. પરવાડીયા હોસ્પિટલ-આટકોટ અને વિદ્યાવિહાર હાઈસ્કૂલ-આટકોટના ટ્રસ્ટી, શ્રી લેઉવા પટેલ કર્મ. મંડળ-જસદણના ઉપપ્રમુખ, કર્મ. સહકારી મંડળી-જસદણના કારોબારી સભ્ય તરીકે સેવાઓ આપી રહેલ છે. પ્રમુખ સ્થાને ગજેરા વર્ષોથી સંગઠનમા જોડાયેલ, શિક્ષણ જગતના વિદ્યાર્થી,વાલી, આચાર્ય, શાળા, શિક્ષણબોર્ડ, શિક્ષણ વિભાગના પ્રશ્નો માટે સતત કાર્યશીલ, વહીવટી ઊંડુ જ્ઞાન ધરાવતા, અનુભવી, તટસ્થ, સ્પષ્ટ અને સત્યવક્તા, નીડર અને આત્મવિશ્વાસ ધરાવતા શિક્ષણના પ્રશ્નોના ઉકેલ માટે



કાયમ માર્ગદર્શનની ભૂમિકામાં રહેલ. આ તકે વિવિધ જિલ્લાના હોદેદારો, શૈ. સંસ્થાના સંચાલકો, શિક્ષક સંઘ, વહીવટી સંઘ સહિતના એ શુભેચ્છા પાઠવી છે. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩.૧૧)

# પૃથ્વી સાથે સૌર તુફાન ટકરાતા આકાશમાં રંગીન રોશનીનો નજારો



**(એજન્સી સમાચાર)** મંગળવારે વધુ એક સૌર તુફાન મોડી રાત્રે પૃથ્વી સાથે ટકરાયું હતું. જેના કારણે અમેરિકાના આકાશમાં ઔરા અર્થાત રંગબેરંગી ધ્રુવીય રોશનીનો નજારો જોવા મળ્યો હતો. જો કે, અમેરિકાની અંતરીક્ષ એજન્સી નાસાના વૈજ્ઞાનિકોએ પહેલા એ સંભાવના દર્શાવી હતી કે આ સૌર તુફાનથી મોટી સંખ્યામાં સેટેલાઈટ અને જીપીએસ સિસ્ટમને અસર થશે પરંતુ આવું કંઈ નહોતું થયું. ઉલ્લેખનીય છે કે સૂર્યથી નીકળતું રેડીએશન જયારે પૃથ્વીના મેગ્નેટોસ્ફીયર સાથે ટકરાય છે ત્યારે આવો ઓરા જોવા મળે છે.(૯)

# આત્મીય કોલેજના સિવિલ ડો. હેમંતકુમારને પી.એચ.ડી પદવી એનાયત



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૨

આત્મીય કોલેજના સિવિલ ડિપાર્ટમેન્ટના હેડ ઓફ ડિપાર્ટમેન્ટ ડો.હેમંતકુમાર સોનકુસારે પી.એચ.ડીની પદવી પ્રાપ્ત કરેલ ખુબ જ પ્રતિભાશાળી વ્યક્તિ ડો.હેમંતકુમાર સોનકુસારે રાષ્ટ્ર સંત તુકળોજી મહારાજ નાગપુર યુનિવર્સિટી દ્વારા સિવિલ એન્જીનિયરીંગના ક્ષેત્રમાં ડોકટર ઓફ ફિલોસોફીની પદવી એનાયત કરવામાં આવી પી.એચ.ડી માટે તેમનું સંશોધન કેન્દ્ર જી.એચ.રાય સોની કોલેજ ઓફ એન્જીનીયરીંગ હતુ ડો.પ્રશાંત પાવડેના માર્ગદર્શન હેઠળ તેમને ક્રોકીટના યાંત્રિક ગુણધર્મો ને વધારવા માટે પ્રતિક્રિયાશીલ પાવડર ક્રોકીટના પ્રભાવની તપાસ વિષય પર તેઓએ સંશોધન કરેલ. હાલ તેઓ આત્મીય કોલેજમાં સિવીલ એન્જીનિયરીંગ બ્રાંચમાં હેડ ઓફ ડિપાર્ટમેન્ટમાં કાર્યરત છે. તેઓ તેમની સફળતાનો શ્રેય તેમના માર્ગદર્શક ડો.પ્રશાંત પાવડે ગુરૂ ત્યાગવલ્લભ સ્વામીજી તથા તેઓના પરિવારજનોને આપે છે. તેમ જણાવ્યું છે.

# શનિવારે આર.કે. યુનિવર્સિટી અને સી.જે. ગ્રૃપ દ્વારા નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૨

આર. કે. યુનિવર્સિટી આયુર્વેદિક હોસ્પિટલ, ત્રંબા-રાજકોટ અને સી. જે. ગ્રુપ રાજકોટ દ્વારા નિ:શુલ્ક સર્વરોગ નિદાન મેડિકલ કેમ્પનું આયોજન તા.૨૩ને શનિવાર સમય સવારે ૯ થી ૧૨ કલાક સુધી શ્રી રવિન્દ્રનાથ ટાગોર પ્રાથમિક શાળા નં.૬૪-બી નટરાજનગર, સાધુવાસવાણી રોડ પાસે, રાજકોટ ખાતે કરવામાં આવ્યું છે.

કેમ્પમાં ત્રંબા ખાતે આવેલ આર.કે. યુનિવર્સિટીની આયુર્વેદ હોસ્પિટલના નિષ્ણાંત તબીબો દ્વારા સાંધા, સ્નાયુના દુ:ખાવા, પેટ-પાચનના રોગો, ચામડી-લોહી વિકારોના રોગો, સ્ત્રી રોગ, બાળ રોગ વગેરે સર્વરોગોના આયુર્વેદ પદ્ધતિથી નિદાન તથા શુધ્ધ આયુર્વેદિક દવાઓથી સારવાર નિ:શુલ્ક નિદાન કરી નિ:શુલ્ક આયુર્વેદિક દવા આપશે. આ કેમ્પ સી. જે. ગ્રુપ, રાજકોટના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવેલ છે. કેમ્પમાં તજજ્ઞ તબીબોની ટીમ સેવા આપશે. સર્વરોગ નિદાન કેમ્પમાં રાજકોટની જાહેર જનતાને લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે. વધુ માહિતી માટે સી.જે. ગ્રુપ ચિરાગ ધામેચા (મો. નં. ૯૪૨૮૨ ૩૧૨૭૧) પર સંપર્ક કરવા યાદીમાં જણાવ્યું છે.(૧૩.૧૧)

**વાચકોએ નોંધ લેવી**

કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક



સૌરાષ્ટ્ર ક્રાંતી છેલ્લા છ વર્ષથી આપને અવનવા સમાચારોથી અપડેટ રાખે છે. નિષ્પક્ષ પત્રકારત્વની અલગ ઓળખ ઉભી કરવા કાયમ પ્રયત્નશીલ છે અમારા દ્વારા ડિજીટલ માધ્યમથી આપને સમાચારપત્ર પહોંચાડવામાં આવે છે. એક દિવસના એક રૂપિયાના અનુદાન દ્વારા આપ નિષ્પક્ષ પત્રકારત્વને જીવંત રાખી દેશની ચોથી જાગીર ને મજબુત બનાવવા નિમીત બનશો નીચે આપેલ લીંક પર ક્લીક કરીને સબસ્ક્રાઈબ કરો

http://www.saurashtrakranti.com/subscribe/

# રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં તબીબી હડતાલઃ ખાનગી હોસ્પિટલો સુમસામ



(તસવીરઃ દિલીપ ગોહેલ)

## રાજકોટ સહિતની સૌરાષ્ટ્રની ૪ હજારથી વધુ ખાનગી અને ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલોમાં ઓપીડી અને ખાનગી ઈમરજન્સી સેવાઓ આજના દિવસે બંધ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૨

ફાયર એનઓસીના નવા નિયમો તથા ગ્રાઉન્ડ ફ્લોર પર આઈસીયુ રાખવાના વિરોધમાં ઇન્ડિયન મેડિકલ એસોસિએશન વિભાગ દ્વારા અપાયેલા એક દિવસીય હડતાલના એલાનને પગલે રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરનાં તમામ ખાનગી દવાખાના અને ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલો એ સજ્જડ બંધ પાડી હડતાલમાં જોડાયા છે. પરિણામે ઓપીડી અને ઈમરજન્સી તમામ પ્રકારની તબીબી સેવાઓ ઠપ્પ થઇ ગઈ છે. ઓપરેશન પણ કરવામાં આવ્યા નથી.

રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરની ૪ હજારથી વધુ ખાનગી અને ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલમાં ફરજ બજાવતા તબીબો આજે સેવાકાર્યમાંથી સંપૂર્ણ અલિપ્ત રહ્યા છે અને બંધના એલાનને બહોળું તથા જબરું સમર્થન આપ્યું છે. નવા નિયમો સામે આ રીતે તબીબી આલમે પોતાનો ઉગ્ર રોષ વ્યક્ત કર્યો છે અને સરકારે સુચવેલા નવા નિયમો અવ્યવહારૂ ગણાવ્યા છે.

રાજકોટ, જામનગર, જૂનાગઢ, અમરેલી, જામખંભાળિયા, મોરબી, પોરબંદર સહિતના તમામ શહેરોમાં અને તાલુકા કક્ષાના નગરો અને નાના ગામડાઓમાં પણ ખાનગી તબીબો હડતાલમાં જોડાયા છે અને તબીબી સારવાર ઠપ્પ થઇ ગઈ છે. દર્દીઓને નજીકની સરકારી હોસ્પિટલોમાં નિદાન અને સારવાર માટે જવાની ફરજ પડી છે. કેમકે ઈમરજન્સી સેવાઓ પણ બંધ હોવાથી આવા કિસ્સાઓમાં પણ દર્દીઓને લઈને પરિવારજનોએ સરકારી દવાખાના પર નિર્ભર રહેવું પડશે. એ કારણે આજે સવારથી રાજકોટ સિવિલ સહિત સૌરાષ્ટ્રભરની સિવિલ હોસ્પિટલોમાં દર્દીઓનો જંગી ધસારો જોવા મળી રહ્યો છે અને દવાખાના દર્દી અને પરિજનોથી ઉભરાઈ રહ્યા છે.

ખાનગી હોસ્પિટલોમાં આજે જે દર્દીઓ આવશે એમને સિવિલમાં રીફર કરવામાં આવશે તેવું જાહેર કરાયું છે. ઇન્ડિયન મેડિકલ એસોસિએશન રાજકોટ વિભાગના પ્રમુખ ડો.સંજય ભટ્ટે જણાવ્યું હતું કે, આઈએમએ સાથે જોડાયેલા રાજકોટના બે હજારથી વધુ તબીબો શાંતિપૂર્ણ સજજડ હડતાલમાં જોડાયા છે. આ હડતાલ લોકો સામે નથી પણ સરકારની નીતિઓના વિરોધમાં હડતાલ છે. હડતાલ દરમ્યાન કોઈ પ્રકારની રેલી,

(અનુ.પાના નં.૪ ઉપર)

## સિનિયર પત્રકાર પ્રવિણભાઇ જોષીનું નિધન



રાજકોટઃ સિનિયર પત્રકાર પ્રવિણભાઇ જોષી (ઉ.વ.૭૪)નું નિધન થયું છે. સ્વ. પ્રવિણભાઇ જોષીની સ્મશાન યાત્રા તેમના નિવાસ સ્થાન ૩૧ નેમિનાથ સોસાયટી નાણાવટી ચોક ખાતેથી તા.૨૨ને શુક્રવારે સાંજે છ વાગ્યે નિકળશે.

સાવરકુંડલા તાલુકાના બાઢડા ગામના વતની સ્વ. પ્રવિણભાઇ જોષીએ ૫૦ વર્ષ પહેલા જય સૌરાષ્ટ્ર (અકિલા)માં કંપોજીટર તરીકે કેરિયરી શરૂઆત કરી. પત્રકાર તરીકે જય હિન્દથી પ્રસ્થાપિત થયા હતા. તેઅઓએ જનસતા, ગુજરાત સમાચાર ભાવનગર (નિવાસી તંત્રી), સંદેશ (રાજકોટ અને કચ્છ) નિવાસી તંત્રી, અબતક અને આઝાદ સંદેશમાં નિડર પત્રકાર તરીકે પ્રસંશનીય ફરજ બજાવી છે.

## ૭.૬૪ લાખનું ૭૬.૪૫ ગ્રામ ડ્રગ્સ સાથે ડ્રગ્સ પેડલર પિતા-પુત્ર ઝડપાયા

### મુંબઇથી ડ્રગ્સ લાવી કોલેજીયન યુવાનોને તેમજ અન્ય પેડલરોને પડીકી બનાવી રૂપિયા ૪૦૦૦ માં વેચતો હોવાનું ખુલ્યુ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ.તા.૨૨

રાજકોટ શહેરમાં યુવાધનને નશાના રવાડે ચડાવનાર મુખ્ય ડ્રગ પેડલર પિતા-પુત્રની એસઓજી પોલીસે ધરપકડ કરી છે. પોલીસે આરોપી પાસેથી ૭.૬૪ લાખ કિંમતનું ૭૬.૪૫ ગ્રામ MD ડ્રગનો જથ્થો ઝડપી પાડી કુલ ૮.૨૪ લાખનો મુદામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

રાજકોટ શહેરમાં ડ્રગ્સ તેમજ નશીલા પદાર્થનું વેચાણ અટકાવવા અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી. જેના પગલે આજ રોજ એસઓજી પોલીસે ચોક્કસ બાતમીના આધારે રાજકોટના મુખ્ય ડ્રગ્સ પેડલર પિતા-પુત્ર ઈરફાન પટણી અને અમન પટણીની ધરપકડ કરી છે. મુંબઇથી ડ્રગ્સ લઇ અમદાવાદથી રાજકોટ આવતા સમયે અમદાવાદ હાઇવે પર માલિયાસણ નજીક એક ટેક્સી બદલી બીજા વાહનમાં જાય તે પહેલા ચોક્કસ માહિતીના આધારે વોચ ગોઠવી આવતાની સાથે જ તેને ઝડપી પાડી તેની અંગ જડતી લેતા તેની પાસેથી મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે આરોપી પાસેથી ૭.૬૪ લાખની કિંમતનો ૭૬.૪૫ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સના જથ્થા સહિત કુલ ૮.૨૪ લાખનો મુદામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રાજકોટમાં તમામ ડ્રગ્સ પેડલરો તેમજ ડ્રગ્સના બંધાણી યુવાનોને ઈરફાન પટણી અને ઝલાલ એમડી ડ્રગ્સ પૂરું પાડતા હતા. એસઓજી પોલીસે થોડા સમય પહેલા ઝલાલની ધરપકડ કરી હતી. બાદમાં આજે અન્ય મુખ્ય પેડલર પિતા-પુત્ર પટણીની ધરપકડ કરી છે. ઈરફાન અને તેનો પુત્ર મુંબઇથી ડ્રગ્સ લાવી કોલેજીયન યુવાનોને તેમજ અન્ય પેડલરોને પડીકી બનાવી રૂપિયા ૪૦૦૦ માં વેચતો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. પકડાયેલ આરોપી ઈરફાન પટણીને અગાઉ યુવા ક્રિકેટરની માતાએ કરેલા આક્ષેપ

(અનુ.પાના નં.૪ ઉપર)


અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
-ઃશ્રધ્ધાંજલિની જાહેર ખબરઃ-
ફિક્સ સાઇઝ
(અંદરના પાને)
6 x 2.5: 200 Rs.
+5%GST
ફિક્સ સાઇઝથી વધુ સાઇઝની જાહેરાત આપવા ૬૦રૂ.(Per C.C) ચાર્જ થશે
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426


# રાજકોટમાં ૨૨ નવી ઈલેક્ટ્રીક બસનું આગમનઃ ૩ બસ ટૂંક સમયમાં આવશે



### શહેરના તમામ વિસ્તારોમાં આ બસ દોડાવાશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૨

રાજકોટ વધતા જતા પ્રદુષણને ધ્યાનમાં લઈ રાજકોટ સહિત રાજયના મુખ્ય શહેરોમાં ડીઝલ કે સીએનજીની જગ્યાએ હવે ઈલેક્ટ્રીક બસ દોડાવવામાં આવી રહી છે. રાજકોટ શહેરમાં પણ હાલ બીઆરટીએસ રૂટ પર માધાપર

### થોડા સમય પહેલા શિક્ષણ મંત્રીના હસ્તે ૨૭ સીટની કેપેસિટીવાળી ૨૩ ઈલેક્ટ્રિક બસનો પ્રારંભ કરાયો હતો

ચોકડીથી ગોંડલ ચોકડી સુધી આ ઈલેક્ટ્રીક બસનું સફળતાપૂર્વક સંચાલન કરવામાં આવી રહ્યુ છે. જેના ભાગરૂપે રાજકોટમાં વધુ ૨૨ નવી ઈલેક્ટ્રીક બસનું આગમન થઈ ચુક્યુ છે. વધુ ૩ બસ ટૂંક સમયમાં જ આ કાફલામાં જોડાશે. આ અંગે આજે રાજકોટ મ્યુ. કમિશનર અમીત અરોરાએ વિગતો આપતા જણાવ્યુ હતું કે, શહેરની ટ્રાફિક સમસ્યા તેમજ પ્રદુષણને ધ્યાનમાં લઈ હાલ ચાલતી સીએનજી બસને ક્રમશઃ પરત ખેંચવામાં આવશે. શહેર માં જે ૨૨ ઈલેક્ટ્રીક બસ આવી ચુકી છે તે ટૂંક સમયમાં રાજકોટના વિવિધ વિસ્તારના રૂટ પર દોડવા લાગશે.મનપાએ રૂ.૧.૨૦ કરોડના ખર્ચે ઈલેક્ટ્રિક બસ ખરીદી હતી. ભારત સરકાર દ્વારા બે તબક્કામાં કુલ ૧૫૦ ઈલે. બસ રાજકોટ માટે મંજુર કરવામાં આવી છે. જેમાંથી પહેલા તબકકામાં પુર્વ કમિશ્નરના કાર્યકાળમાં ૫૦ બસ મંજુર થઈ ચુકી હતી. તે પૈકી તબક્કાવાર અત્યાર સુધીમાં કુલ ૨૩ બસ રાજકોટને મળીને ચાલુ કરવામાં આવી હતી. ત્યારે ફરી ૨૫ બસો આવશે. જેમાંથી ૨૨ આવી ગઇ છે અને ત્રણ આગામી દિવસોમાં આવશે. ઈ-બસથી તંત્રને સંચાલન ખર્ચમાં ઘટાડો થશે. કેન્દ્ર સરકાર દ્વારા યોજના હેઠળ ઈલેક્ટ્રીક બસ ચલાવવા માટે તેના વપરાશ પર પ્રતિ કિ.મી. રૂ.૨૫ સુધીની સબસીડી પણ મળશે જેનાથી પર્યાવરણ સાથે મનપાની તિજોરીને પણ ફાયદો થશે. હાલ શહેરમાં દોડતી બસોને ઈલે.બસ સામે રીપ્લેસ કરાશે. આમ શહેર અંદરના વિસ્તારોમાં પણ ઈલે. બસ દોડતી થશે. આ બસોની સફળ ટ્રાયલ પણ થઈ ગઈ છે.બસની ખાસિયતની વાત કરીએ તો, નવી બસ ફુલ્લી એસી હશે. નવી સીટ અને ઈન્ટિયર હશે. તેમજ મનોરંજન માટે રેડિયો છે. મુસાફરોને આ ફાયદા ઉપરાંત મનપાને એજન્સીને ચૂકવાતા પ્રતિ કિ.મી.ના ભાડામાં અધધ ૫૦ રૂપિયાનો ફાયદો થશે. હાલ એક બસ દૈનિક ૧૯૦ કિ.મી. ચાલી રહી છે આ રીતે જોતા ૧૦ ડીઝલ બસ રોજનું ૫૦૦ લિટર ડીઝલ વાપરે છે. બસ બંધ થતા તેટલા ડીઝલનો વપરાશ ઘટશે અને તેટલું જ ઉત્સર્જન ઘટતા પર્યાવરણને પણ ફાયદો થશે. તબક્કાવાર શહેરની તમામ સિટીબસ રૂપાંતરિત કરાશે.

**મુસાફરોને બસમાં મળશે વિશેષ સુવિધાઓ**

- સંપૂર્ણ વાતાનુકુલિત સુવિધાયુક્ત ઈ-બસ
- કુલ ૨૭ લોકો બેસી શકે તેવી આરામદાયક બેઠકની ક્ષમતા
- ઈ-બસમાં મુસાફરોના મનોરંજન માટે રેડીયોની સુવિધા
- ઈ-બસ GPS tracking System થી સુસજ્જ
- મુસાફરોની સલામતી માટે ઈ-બસની અંદર તથા બહાર કેમેરાની સુવિધા
- ઈ-બસમાં મુસાફરોની સલામતી માટે ફાયર તેમજ મેડિકલ કીટની સુવિધા
- ઈ-બસમાં મુસાફરોની સલામતી માટે SOS - Emergency Alarm ની સુવિધા
- ઈ-બસમાં ફુલ્લી ઓટોમેટીક પ્રવેશ દ્વાર તથા ઈમરજન્સી દ્વારની સુવિધા
- ઈ-બસમાં મુસાફરો માટે પબ્લિક એનાઉન્સમેન્ટ અને પબ્લીક ઇન્ફોર્મેશન સિસ્ટમ


અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
જાહેર નોટીસ
કોર્ટ નોટીસ
જાહેર ચેતવણી
દાવાનાં સમન્સ
વગેરે પ્રસિધ્ધ કરાવો
ફક્ત રૂા.૬૦માં
+5%GST (પ્રતિ કોલમ સે.મી.અંદર પાને)
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426


# રાજકોટમાં દરેક ઘરમાં તિરંગો લહેરાવા કલેકટરની લોકોને અપીલ

### ઓગષ્ટમાં તા. ૧૩ થી ૧૫ રાષ્ટ્રધ્વજની ગરીમા જાળવી આન – બાન – શાનથી આઝાદીના ૭૫ વર્ષની ભવ્ય ઉજવણી થશે





**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ તા. ૨૨

આઝાદી કા અમૃત મહોત્સવ અન્વયે રાષ્ટ્રપ્રેમની ભાવનાને ઉજાગર કરવાના હેતુસર રાજયભરમાં તા. ૧૩ ઓગસ્ટ થી ૧૫ ઓગસ્ટ હર ઘર તિરંગા કાર્યક્રમની ઉજવણી કરવામાં આવનાર છે.

આ ઉજવણી અન્વયે રાજયના દરેક નાગરિકના હદયમાં રાષ્ટ્રધ્વજ અને દેશની ભાવના પ્રબળ થાય તે માટે તમામ ઘરો, દુકાનો, ઉદ્યોગ, વેપારી ગૃહો, સરકારી અને ખાનગી કચેરીઓ સહિત દરેક જગ્યાએ રાષ્ટ્રધ્વજ લહેરાવવામાં આવશે. રાજકોટમાં ઘરે-ઘરે તા. ૧૩ થી ૧૫ ઓગષ્ટ તિરંગો લહેરાશે. આ કાર્યક્રમને અનુસંધાને જિલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુએ રાજકોટ જિલ્લાના નાગરિકોને અપીલ કરતાં જણાવ્યું છે કે, આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે હર ઘર તિરંગા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે આ અવસરે વ્યકિતગત તિરંગો લહેરાવી રાષ્ટ્રપ્રેમની ભાવના કેળવીએ તેમજ અન્ય લોકોને પણ તેમાં સહભાગી થવા પ્રોત્સાહિત કરીએ. ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રધ્વજની આન-બાન-શાન જળવાઈ રહે તેનું ખાસ ધ્યાન રાખીને રાષ્ટ્રધ્વજ લહેરાવવો જોઈએ.

# રાજકોટમાં કોંગ્રેસ કાર્યકરોની ટીંગાટોળી કરી અટકાયત

### સોનિયા ગાંધીને બીજેપીના ઇશારે ઇડી મારફતે ખોટી રીતે સંડોવવાનો પ્રયાસ હોવાનો આક્ષેપ



(તસવીરઃ પંકજ ડાભી)

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટઃ ભાજપનાં ઇશારે ઇડી દ્વારા ખોટી તેમજ ગેરબંધારણીય રીતે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીને પાયાવિહોણા અને ખોટી રીતે ઉભા કરેલા નેશનલ હેરાલ્ડ કેસમાં સમન્સ પાઠવવામાં આવ્યુ અને કોઇપણ પુરાવા કે હકીકતોને આધાર વિના ઇડીનાં વ્યકિતગત દોષ અને રાજકીય કિન્નાખોરી માટે દુરઉપયોગ કરવામાં આવી રહયો હોવાનાં પ્રશ્ને રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ પ્રદિપ ત્રિવેદી- મહેશ રાજપુતની આગેવાની હેઠળ વિશાળ સંખ્યામાં કોંગ્રેસનાં કાર્યકરો અને આગેવાનો દ્વારા આજે સવારે જીલ્લા પંચાયત ચોકમાં દેખાવો કરવા માટે ભેગા થયેલા તે જ વખતે પોલીસ ત્રાટકી હતી

(અનુ.પાના નં.૪ ઉપર)

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.